શેઠ ચીમનલાલ
નગીનદાસ
વિદ્યાવિહાર

# સંનિધિ

વર્ષઃ ૧૨, અંકઃ૩૩, ડિસેમ્બર-૨૦૨૩, શેઠ ચી. ન. વિદ્યાવિહાર, આંબાવાડી, અમદાવાદ-૬. ફોનઃ૨૬૪૬૩૫૧૧, ૨૬૪૬૩૬૯૬
ઇ-મેઇલ: cndirectorsoffice@cnvidyavihar.edu.in – વેબસાઇટ: www.cnvidyavihar.edu.in

## માર્ગદર્શન


મહાભારતના યુદ્ધમાં દુર્યોધન એક જગ્યાએ કહે છે કે ધર્મ શું છે તે હું જાણું છું પરંતુ તેનું પાલન કરી શકતો નથી, અને અધર્મ શું છે એ પણ હું જાણું છું પરંતુ તેને છોડી શકતો નથી..હવે આ વાત ખરેખર અધુરી છે. આના પછી પણ દુર્યોધન એક વાક્ય બોલે છે કે એવી કઈ બાબત છે કે જે મને ખોટું કરવા પ્રેરે છે તે જ મને સમજાતું નથી. હવે અહીં જાણવા જેવી વાત એ છે કે એ બાબતનું નામ હતું શકુની. દુર્યોધન શકુની કહે એમ જ કરતો હતો. પરંતુ આ વાત દુર્યોધનનું મન પકડી શકતું નહોતું.એ એવું માનતો હતો કે એવી કોઈ રહસ્યમય શક્તિ છે કે જેના લીધે એ ખોટું કરવા પ્રેરાતો હતો. હકીકતમાં એ શક્તિનું નામ જ શકુની હતું. પરંતુ દુર્યોધનને શકુની પર આંધળો વિશ્વાસ હતો કે મારા મામા કદી ખોટું કરાવે નહીં અને પછી, આગળ શું થયું તે આપણે જાણીએ છીએ.



એની સામે મહાભારતમાં અર્જુન પણ ઘણીવાર ભીંસમાં આવી જાય છે અને મુશ્કેલીમાં મુકાઇ જાય છે.પરંતુ અર્જુનના ગુરુ કૃષ્ણ હતા અને એને કૃષ્ણ હંમેશા સાચું માર્ગદર્શન આપતા. આથી અર્જુનને કોઈ જગ્યાએ ખોટું માર્ગદર્શન મળ્યું નથી અને આપણે જાણીએ છીએ કે, અંતમાં અર્જુનનો વિજય થાય છે.

એકવાર એક વિદેશી વ્યક્તિએ સ્વામી વિવેકાનંદને પ્રશ્ન પૂછ્યો ‘‘ભારતનું એક વાક્યમાં વર્ણન કરવાનું થાય તો તે કેવી રીતે કરશો ?’’ ત્યારે સ્વામી વિવેકાનંદે કહ્યું, ‘‘ગુરુ-શિષ્ય પરંપરા !’’ ગુરુ-શિષ્યના સરસ સંગમમાંથી મહાન રાષ્ટ્રનું નિર્માણ થયું હોવાનાં અનેક ઉદાહરણો પુરાણકાળથી ઇતિહાસ સુધી જોવા મળે છે, ઉદા. શ્રીરામ અને વશિષ્ઠ, પાંડવો અને શ્રીકૃષ્ણ. ચંદ્રગુપ્ત મૌર્યને ચાણક્યએ ગુરુ તરીકે માર્ગદર્શન કર્યું અને એક બળશાળી રાષ્ટ્રનું નિર્માણ કર્યું. છત્રપતિ શિવાજી મહારાજને સમર્થ રામદાસસ્વામી અને સંત તુકારામ મહારાજે માર્ગદર્શન આપ્યું અને છત્રપતિ શિવાજી મહારાજે પાતશાહીઓને પરાભૂત કરીને હિંદવી સ્વરાજ્યની સ્થાપના કરી.

ગુરુ એક પ્રભુમંત્રી, માર્ગદર્શક, અનુભવી અને જ્ઞાનવાન વ્યક્તિ છે. ગુરુ શિષ્યને માર્ગદર્શન આપી, તેમને જ્ઞાન અને અનુભવની માહિતી આપી, તેમને સંસ્કાર આપી અને સમાજ અને જીવનમાં માર્ગદર્શન આપે છે. ગુરુનો મહિમા જ્ઞાન અને પ્રેમનો પ્રતિક છે, જે માનવજીવનને ઉન્નતિ અને સમૃદ્ધિની તરફ પ્રેરે છે. મનુષ્યનો પ્રથમ ગુરૂ મનુષ્યને જન્મ અને સંસ્કાર આપનાર માતા પછી એને શિક્ષિત કરનાર શિક્ષક-ગુરુનું સ્થાન



વિશિષ્ટ છે. આપણી સંસ્કૃતિ અને ધર્મની ઈમારતનો પાયો જ્ઞાન છે. જ્ઞાન મેળવવા માટે ગુરુનું હોવું અતિ આવશ્યક છે. ગુરુ બિન નહીં જ્ઞાન. ગુરુ જ પોતાના શિષ્યોને નવજીવન માટે તૈયાર કરે છે.

આમ, તમારા ગુરુ કોણ છે તેનું પૂરેપૂરું મહત્વ છે. ઘણી વખત ખોટા માણસો આપણને લાગણીના આધારે ઊંધા રવાડે ચડાવી દઈને ખોટું માર્ગદર્શન આપીને આપણી જિંદગીને મુશ્કેલીમાં મૂકી દેતા હોય છે. છતાં પણ આપણને કશું સમજાતું નથી. આથી આપણે કોના માર્ગદર્શનથી જીવીએ છીએ એનું એક લિસ્ટ આપણી પાસે તૈયાર હોવું જોઈએ અને પછી શાંતિથી એ લિસ્ટનું વિશ્લેષણ કરવું જોઈએ.

ડૉ. વૈશાલી શાહ
નિયામક, શેઠ ચી.ન.વિદ્યાવિહાર

**પ્રકાશકઃ- ડૉ. વૈશાલી શાહ**
**સંપાદક મંડળઃ- બિમલ રાવલ, ડૉ. ભગવાન પટેલ, હિતેન્દ્ર ત્રિવેદી, હેતલ મહેતા, તૃપ્તિ રાવલ.**

# ‘વિદ્યાવિહારનું ગૌરવ’



## ડૉ. દિલીપ માવલંકર (૧૯૭૩ની બેચ)

હું ૧૯૬૭માં સી.એન. વિદ્યાલયમાં પાંચમા ધોરણમાં જોડાયો. કિશોર વિદ્યાલયના એ રચનાત્મક પાયાના વર્ષો હતા. હું એક સરેરાશ વિદ્યાર્થી હતો, કદાચ ઉપરથી ૧૦-૧૫મો હોઈશ. મને કુદરતનું સાન્નિધ્ય ગમતું અને, તેથી ખેતી ઉદ્યોગ સાથે જોડાયો, જે સી.એન.ના ખેતરોમાં પ્રત્યક્ષ કામગીરી અને ઇસુભાઈ સાહેબે અમને કહેલી લાંબી વાર્તાઓને કારણે ખૂબ જ આનંદદાયક રહ્યો. કિશોર વિદ્યાલયના વિવિધ શિક્ષકો અમને વિષયો શીખવતા જે રસપ્રદ હતા અને, અમુક કંટાળાજનક હતા. મને સંગીત ગમતું નહોતું, કારણ કે હું વિવિધ રાગો સમજી અને યાદ રાખી શકતો ન હતો. મને વિજ્ઞાન પસંદ હતું, પણ ગુજરાતી અને હિન્દીમાં હું નબળો હતો. અમે ઘરમાં મરાઠી બોલતા હતા તેથી મારું વ્યાકરણ અને કેટલાક શબ્દસમૂહો બે અલગ ભાષાઓ વચ્ચે ભેળસેળ થઈ જતાં. જ્યારે હું ૫મા ધોરણમાં હતો, ત્યારે હું મારા ૨ ભાઈઓ મુકુંદ અને માધવ કે જેઓ ૧૧મા ધોરણમાં હતા. તેમની સાયકલની કેરિયર પર બેસીને શાળાએ આવતો. ૬ થી ૭ ધોરણ સુધી હું મીઠાખળીથી આંબાવાડી લગભગ ૩ કિમી. ચાલીને શાળાએ જતો હતો અને તેમાં ૪૫ મિનિટનો સમય લાગતો હતો.

૮ થી ૧૧ સુધી મેં ‘‘નવા ગણિત‘‘નો વિકલ્પ પસંદ કર્યો અને તેથી વર્ગો ‘ક’ માથી ‘અ’ માં ખસેડવામાં આવ્યા. તેથી કેટલાક નવા મિત્રો મળ્યા. હાઈસ્કૂલમાં મને વિજ્ઞાન અને ગણિત ગમતું અને તેમાં સારો દેખાવ પણ કર્યો, પણ હું ભાષામાં એટલો સારો નહોતો. હું વાંચન અને લેખનમાં બહુ સારો નહોતો, પણ હું સારી રીતે વાત કરી શકતો હતો, અને તેથી મને સ્ટેજનો ઘણો ડર હતો છતાં પણ હું વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લેતો. હું દોડવામાં સારો હતો કારણ કે મારા પિતા કસરતને પ્રોત્સાહિત કરવા માટે સવારે બધા બાળકોને દોડવા લઈ જતાં. હું Armed Forces તરફ પણ આકર્ષાયો હતો અને તેથી NCC જુનિયર વિંગમાં પણ જોડાયો. અમે NCCના વાર્ષિક શિબિરમાં ગયા અને NCCના ત્રીજા વર્ષમાં મને સાર્જન્ટ - NCCના વિદ્યાર્થી જૂથના વડા બનવા માટે પ્રમોટ કરવામાં આવ્યો. મને પ્રકૃતિ અને વિજ્ઞાનમાં ખૂબ રસ હતો. મેં SSC પરીક્ષા ૧૧મું ધોરણ ફર્સ્ટ ક્લાસ સાથે પાસ કર્યું પણ ટોપની નજીક ક્યાંય નહી. CN ખાતે પાયાનું મૂળભૂત સારું શિક્ષણ, ઉદ્યોગ, પ્રાર્થના વગેરેને કારણે મારામાં જે કૌશલ્યો અને મૂલ્યો પ્રસ્થાપિત થયા છે તે મને મારા જીવન અને કારકિર્દીમાં ઘણા મદદરૂપ થયા.

સી. એન. પછી હું અંગ્રેજી માધ્યમમાં સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં પ્રી-સાયન્સમાં જોડાયો. તે વર્ષે મેં ગણિત, વિજ્ઞાન અને જીવવિજ્ઞાનમાં સારા ૭૪% ગુણ મેળવ્યા અને અમદાવાદની NHL મેડિકલ કોલેજમાં પ્રવેશ મેળવ્યો. ગુજરાતી માધ્યમમાંથી અંગ્રેજી માધ્યમમાં જવાનો અને શિક્ષણના ઉચ્ચસ્તરનો તે ખૂબ જ નવો અનુભવ હતો. મેં તે માણ્યો. પછી પ્રી-મેડીકલ વર્ષનું એક વર્ષ ગુજરાત કોલેજમાં બાયોલોજી, ફિઝિક્સ અને કેમેસ્ટ્રી વગેરેમાં વધુ શિક્ષણ લેવામાં વિતાવ્યું. મને કોલેજમાં પ્રેક્ટિકલ કરવામાં ખૂબ જ આનંદ અને રસ પડતો.

મને યાદ છે કે, પ્રી-મેડિકલના કેટલાક વર્ગોમાં હું એકમાત્ર વિદ્યાર્થી હતો કે જેણે કૉલેજમાં એક પણ ક્લાસ bunk નહોતો કર્યો. કારણ કે અન્ય વિદ્યાર્થીઓ No-Mood સ્ટ્રાઈક પર હતા અથવા વર્ગને સામૂહિક bunk કરવાનું નક્કી કર્યું હતું. મેં સિનિયર વિંગમાં NCC ચાલુ રાખ્યું અને NCCની આર્ટિલરી શાખામાં જોડાયો. મેં NCCમાં C Certificate મેળવ્યું. NCCમાં Army Attachment. આગ્રામાં Paratrooper Training Advance Leadership સહિત વિવિધ શિબિરોમાં હાજરી આપી.

મેડિકલ કોલેજકાળ રસપ્રદ રહ્યો કારણ કે, મારા પિતા ડૉક્ટર/સર્જન હતા એટલે મેં રાત્રિભોજનના ટેબલ પર સર્જિકલ કેસોની ઘણી રસપ્રદ વાતો સાંભળી હતી. MBBS ડિગ્રી માટે મેં સખત મહેનત કરી, અને ફરીથી વર્ગમાં ટોચના ૧થી ૧૫માં સ્થાન મેળવ્યું. MBBS અને Internship પછી મેં USAમાં Public Healthનો અભ્યાસ કરવાનું નક્કી કર્યું જે મેં Johns Hopkins University, USAમાંથી કર્યો. જે આ વિષય માટે ખૂબ જાણીતી યુનિવર્સિટી છે. મેં એ જ યુનિવર્સિટીમાંથી Ph.D. ની સમકક્ષ Public Healthમાં ડોક્ટરેટ કર્યું અને, ૧૯૯૧માં IIMA અમદાવાદમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે જોડાવા માટે ભારત પાછો ફર્યો. IIMAમાં ફેકલ્ટી તરીકે જોડાનાર હું પ્રથમ મેડિકલ ગ્રેજ્યુએટ હતો. તે રસપ્રદ હોવા સાથે મુશ્કેલ હતું કારણ કે, મારે ત્યાં કામ કરવા માટે મેનેજમેન્ટના ઘણા ખ્યાલો શીખવા પડ્યા હતા. ૨૦૧૧માં, IIMAમાં ૨૦ વર્ષ પૂરા કર્યા પછી હું એક નવી સંસ્થા Indian Institute of Public Health ગાંધીનગરમાં તેના Dean અને પછી Director તરીકે જોડાયો જે જાહેર આરોગ્ય શિક્ષણ અને સંશોધન પ્રદાન કરે છે. Director તરીકેના મારા કાર્યકાળ દરમિયાન IIPHG ભારતની પ્રથમ Public Health University બની. અને અમે Masters of Public Health અને Hospital Administrationના કોર્સ શરૂ કર્યા. IIMA અને IIPHGમાં ૩૩ વર્ષથી વધુની મારી કારકિર્દીમાં મેં ઘણા સરકારી કાર્યક્રમોમાં સુધારા કરવા માટે યોગદાન આપ્યું છે, WHO, World Bank, DANIDA, Unicef સહિત અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓને સલાહકાર તરીકે સેવા આપી છે. મેં ઘણી મહત્વપૂર્ણ સરકારી સમિતિઓમાં સેવા આપી છે અને ભારતમાં Public Health Managementમાં યોગદાન આપ્યું છે.

મેં ૨૦૦થી વધુ વૈજ્ઞાનિક અને મેનેજમેન્ટ પેપર્સ અને સંશોધન અને કન્સલ્ટન્સી રિપોર્ટ્સ લખ્યા છે. Stanford University USA દ્વારા વિશ્વના Public Health ક્ષેત્રના ટોચના ૨% વૈજ્ઞાનિકોમાં મારુ નામાંકન થયું છે. હું ખૂબ જ ખુશ છું કે સી. એન.માંથી મને જે શિક્ષણ અને ઉચ્ચ મૂલ્યો મળ્યા તેણે Public Health ક્ષેત્રે મારી કારકિર્દીનો મજબૂત પાયો બનાવ્યો છે. હું હંમેશા સી. એન. અને મારા ગુરૂજનોનો આભારી રહીશ. ‘‘અમે નમીએ તને ચિરસાથી સાથી વિદ્યાવિહાર...’’

ડૉ. દિલીપ માવલંકર

## WORKSHOP ON HOLISTIC EDUCATION For CNVV Heads & Teachers

Sheth C N Vidyavihar organized a workshop for the heads and teachers of all the institutes on 'Holistic Education for students' on 2nd December, 2023. The workshop was conducted by Dr. Shailendra Gupta at Sheth C N English Medium campus.

The workshop aimed to equip teachers with insights and strategies for fostering holistic development of students through school education encompassing academic, emotional and social aspects. Dr. Gupta through varied activities tried to create an awareness about the interconnectedness of academic, emotional, and social growth.

The strategies for engaging and challenging students in the learning process, incorporating real-world applications to enhance understanding was also one of the key aspects of this workshop.

Teachers gained a deeper understanding of holistic development and acquired practical tools to integrate holistic approaches into their teaching practices. The workshop fostered a sense of collaboration among educators, emphasizing the importance of a collective effort in nurturing well-rounded individuals Importance of emotional intelligence for student well-being. The importance of practical techniques for fostering emotional intelligence among students by creating a positive and inclusive classroom environment and facilitating collaboration and teamwork among students was well enhanced.



The workshop meaningfully engaged and teachers which led them to discover the path required by them in order to move beyond traditional teaching and assessment methods. It enabled them to gauge overall development of the students by incorporating formative assessments that capture their non-academic skills.

**Sheth C N English Medium School**

## Celebrated World Mental Health Day (10 Oct)



World Mental Health Day (10 Oct) is a day to talk about mental health and show everyone that mental health matters. It's also a day to let people know that it's okay to ask for help, no matter what you're going through.

Yet one in eight people globally are living with mental health conditions, which can impact their physical health, their well-being, how they connect with others, and their livelihoods. Mental health conditions are also affecting an increasing number of adolescents and young people. So, we have celebrated World Mental Health Day (10 Oct. 2023) at Sheth C. N. Vidyavihar. We have given information about mental health and how to maintain mental health to CNEM and CNTC's students.

**Dr. Geeta Dodia**, Sheth C. N. Counselling Center

## શેઠ ચી. ન. કાઉન્સેલિંગ સેન્ટરની પ્રવૃત્તિઓ

આજના ગળાકાપ, સ્પર્ધાત્મક, દોડધામવાળા , અને તણાવયુક્ત જીવનમાં વ્યક્તિ ઘણીવાર માનસિક રીતે અસ્વસ્થ થઈ જતો હોય છે, અને હવે શું કરવું ક્યાં જાઉં? કોને કહું તેવા સવાલોથી ઘેરાઇ જાય છે. તેને સાંભળનાર અને સમજનાર કોઈ મળતું નથી ત્યારે તે અંદર ને અંદર મુંજાય છે.

બાળકો પણ આ પરિસ્થિતીનો શિકાર બની રહ્યા છે. ઘણીવાર બાળકોને પણ શૈક્ષણિક સમસ્યાઓ જેવીકે અભ્યાસમાં મુશ્કેલી, પરિક્ષાની ચિંતા, આગળ કઈ સ્ટ્રીમ પસંદ કરવી, કયા ક્ષેત્રમાં કેરિયર બનાવવી, સામાજિક સમસ્યાઓ, ઉપરાંત બાળકોમાં, ગુસ્સો (આક્રમકતા), ચિંતા, તણાવ, હતાશા જેવી તકલીફો જોવા મળતી હોય છે. લોકડાઉન બાદ બાળકોમાં બ્લ્યુ સ્ક્રીન એડિકશન (જેમકે મોબાઇલ, લેપટોપ)નું પ્રમાણ વધી ગયું છે અને માતા-પિતા માટે તે છોડાવવું અઘરૂં બને છે. ઘણીવાર બાળકો માતા-પિતાનું માનતા નથી અને અવળા રસ્તે ચઢી જતાં હોય છે.

માતા-પિતા અને વિદ્યાર્થીઓની આવી તકલીફોને ધ્યાનમાં રાખી ને શેઠ ચી. ન. વિદ્યાવિહારના વિદ્યાર્થીઓની સહાયતા માટે ''કાઉન્સેલિંગ સેન્ટર'' શરૂ કરવામાં આવ્યું છે, જેમાં....

૧. શેઠ ચી. ન. બાલવિદ્યાલયમાં સ્કૂલના ધોરણ ૫ના નબળાં વિદ્યાર્થીઓને ડી.એલ.એડ. કૉલેજના વિદ્યાર્થીઓની મદદથી વ્યક્તિગત ધ્યાન આપી ને સ્પેશિયલ ક્લાસ દ્વારા પાયાનું શિક્ષણ આપવામાં આવે છે. તેમજ જે વિદ્યાર્થીઓ હાઈપર એક્ટિવ છે, જે બાળકોમાં આક્રમકતા વધારે જોવામાં આવે છે તેવા બાળકોને તેમજ તેમના વાલીઓને કાઉન્સેલિંગ દ્વારા સમજાવવામાં આવે છે.

૨. શેઠ ચી. ન. કિશોર વિદ્યાલયના અને શેઠ ચી. ન. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલના ધોરણ ૮ ના વિદ્યાર્થીઓને ઓરિએંટેશન દ્વારા ''Benefits of Technology'' ની માહિતી આપી અભ્યાસમાં ટેક્નોલોજીનો ક્યાં ઉપયોગ કરી શકાય અને કેરિયર બનાવી શકાય, તેમજ Technologyનો સારી રીતે ઉપયોગ કરવાથી તે કેટલી મદદરૂપ થાય છે તેની જાણકારી આપવામાં આવી હતી. આ ઉપરાંત વિદ્યાર્થીઓના Personal problems માટે કાઉન્સેલિંગ કરવામાં આવે છે.

૩. શેઠ ચી. ન. વિદ્યાલય અને શેઠ ચી. ન. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલના ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને ઓરિન્ટેશન દ્વારા વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓ જેવી કે અભ્યાસમાં પડતી મુશ્કેલીઓ, આક્રમકતા, એડિકશન, ડિપ્રેશન, ઓવર્થિંકિંગ, એટ્રેક્શન, બ્રેકઅપ અને કેરિયરને લગતા પ્રશ્નો માટે જાણકારી આપવામાં આવી હતી. તેમજ આ બધા પ્રશ્નો માટે પર્સનલ તેમજ ગ્રુપ કાઉન્સેલિંગ કરવામાં આવે છે.

૪. શેઠ ચી. ન. વિશિષ્ટ વર્ગ અને શિશુવિહારના હાયપર એકટિવ બાળકોના વાલીઓને, બાળકોને કઈ રીતે એક્ટિવ રાખવા અને અભ્યાસમાં મદદ કરવી તે વિશે કાઉન્સેલિંગ કરવામાં આવે છે .

૫. શેઠ ચી. ન. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ અને શેઠ ચી. ન. ટેકનિકલ સેંટરના વિદ્યાર્થીઓને માનસિક સવાસ્થ્ય કઈ રીતે જાળવી રાખવું તેની માહિતી આપવામાં આવી હતી. તેમજ વિદ્યાર્થીઓના પ્રશ્નો માટે પર્સનલ તેમજ ગ્રુપ કાઉન્સેલિંગ કરવામાં આવે છે.

૬. શેઠ ચી. ન. વિદ્યાવિહારના શિક્ષકો તેમજ અન્ય કર્મચારીઓને પણ પોતાના પર્સનલ, સામાજિક, તેમજ વ્યાવસાયિક પ્રશ્નો માટે કાઉન્સેલિંગ કરવામાં આવે છે.

૭. ઘરથી દૂર રહેતા નાના વિદ્યાર્થીઓને હોમ સિકનેસ, એડજસ્ટમેંટ વગેરે જેવી મુશ્કેલીઓ થતી હોય છે, તેથી હોસ્ટેલના વિદ્યાર્થીઓનું પણ કાઉન્સેલિંગ કરવામાં આવે છે.

ડૉ ગીતા ડોડિયા
કાઉન્સેલર, શેઠ ચી. ન. વિદ્યાવિહાર

## મહાત્માની ફકીરી

ઐતિહાસિક સંશોધનના મારા શોખને કારણે મે ઘણા ઐતિહાસિક સ્થળોની મુલાકાત લીધી છે. એક વાર અમદાવાદમાં આવેલ ગાંધી આશ્રમની મુલાકાત લેવા હું ગયો હતો. ગાંધી આશ્રમમાં એક લાઈબ્રેરી છે. ગાંધી બાપુના ભત્રીજા શ્રી પ્રભુભાઈ છગનલાલે લખેલ 'જીવનનું પરોઢ' નામનું પુસ્તક મે આ લાઈબ્રેરીમાં વાંચ્યું. આ પુસ્તકમાં ફકીરભાઈનું નામ આવતા ફકીરભાઇ અંગે વધુ જાણવાની મને ઈચ્છા થઈ. પણ, માહિતીની કોઈ કડી પ્રાપ્ત ન થતાં વાત વિસરાઈ ગઈ. સમય અને સંજોગની કેડીઓ પર ચાલતા ચાલતા એક વાર મારી મુલાકાત ફકીર-ભાઇના જ એક કુટુંબીજન સાથે થઈ. મારા સમાજબંધુ અને ફકીરભાઈના કૂટુંબીજને મને જણાવેલ ફકીરભાઈની જાણવા જેવી માહિતી ટૂંકમાં જોઈએ તો ........

ગુજરાતના સુરત જીલ્લાના આટ નામનાં ગામનાં શ્રી જીવાભાઈ રોજી-રોટી કમાવવા સહપરિવાર દક્ષિણ આફ્રિકા ગયા અને ત્યાંજ સ્થિર થયા હતા. જીવાભાઈને એક દિકરો હતો. દીકરાનું નામ ફકીરભાઈ હતુ. ગાંધી બાપુનાં દક્ષિણ આફ્રિકામાં ચાલતા રંગભેદ નીતિ સામેના સત્યાગ્રહ આંદોલનમાં ફકીરભાઈ પણ જોડાયા હતા. ફકીરભાઈ ઊંચા અને પહેલવાન જેવા મજબુત હતા. દક્ષિણ આફ્રિકાનાં સત્યાગ્રહ આંદોલનમાં ગાંધીબાપુ જ્યાં જ્યાં સભાઓ કરવા જતાં ત્યાં ત્યાં ફકીરભાઈ તેમની સાથે જતાં અને બોડીગાર્ડની જેમ ગાંધીબાપુની આસપાસ જ રહેતા હતા. પહેલવાન જેવા ફકીરભાઈને જોઈને જ અંગ્રેજો ગાંધીબાપુને હાથ લગાડવાની હિમંત કરી શકતા નહોતા. ગાંધીબાપુએ ફકીરભાઈને વિશ્વાસપાત્ર સાથીદાર બનાવ્યા હતાં. ફકીરભાઈ પણ ગાંધીબાપુના અંગરક્ષક જેવુ જ કામ કરતાં હતા. દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહ આંદોલન સમયે જેલમાં ગયેલા આંદોલન-કારીઓને વગર પરમીશને ફળ અને ભોજન પહોચાડવાની હિમંત એક માત્ર ફકીરભાઇ કરતા હતા. ફકીરભાઇ અને અન્ય સાથીદારોની મદદથી દક્ષિણ આફ્રિકામાં ચાલતા રંગભેદ નીતિ સામેના સત્યાગ્રહ આંદોલનને સફળ બનાવી ગાંધીબાપુ ભારત આવ્યા. સમયાંતરે, ઈ.સ. ૧૯૨૧માં ફકીરભાઇ પણ પોતાના વતનની મુલાકાતે આવ્યાં. સંજોગો વશાત એક સભામાં ગાંધીબાપુ અને ફકીરભાઇ ભેગા થયા. આ સભામાં ભારતની જનતાએ ગાંધીબાપુને જેટલાં ફૂલહાર પહેરાવ્યા હતા તે બધાં ફૂલહાર ગાંધીબાપુએ ગળામાંથી કાઢીને ફકીરભાઈને પહેરાવી દીધાં હતા. ખાસ વાત એ હતી કે, દક્ષિણ આફ્રિકાનાં પોતાના વિશ્વાસપાત્ર સાથીદારને ગાંધી બાપુએ જાહેર મંચ પરથી બિરદાવ્યા હતા. ...........

કે. આર. ચૌહાણ
શેઠ ચી.ન. ટેક્નિકલ સેન્ટર

## Angreji Kendra adds another feather in its Cap!

The teachers of Sheth CN Angreji Kendra successfully cleared the first module of the world renowned TKT (Teaching Knowledge Test) organized by the Cambridge University, London (UK). Seven teachers of CN Angreji Kendra took this test on 8th October, 2023. All the teachers passed the test with flying colours. This is considered as a concrete step in the direction of achieving an International English Teaching Certification.



TKT is a series of modular teaching qualifications which tests an English teacher's knowledge in specific areas of English language teaching. TKT, is apt for aspirants willing to develop themselves as a teacher but lack the idea or knowledge of the modern English teaching methodologies, required skills and approaches; the TKT test certainly enhance their teaching career and give it the much needed boost. It helps the teacher to build his/her confidence, and is a cost-effective way to get an internationally recognised qualification. Whether the teacher is new or has years of experience, TKT is ideal for people who need to prove their teaching knowledge with a globally recognised certificate.

**Dr. Jayesh Raval, Mrs. Falguni Shukla**
Sheth C N Angreji Kendra

## C.N. Angreji Kendra raises the bar for the Homemakers

Sheth C.N. Angreji Kendra has always been indulging in setting the benchmarks in the field of English Language Teaching since its inception. Following its successful tradition, a new batch was introduced for homemakers in September 2023. This special batch, which has been named as 'English for Home Makers', popularly known as EHM, has been successfully running a full batch. Angreji Kendra team believes that English is a language, and it can be learned effectively at any stage.

To introduce the idea of such a special batch, two introductory sessions were scheduled on 25th August 2023 and 8th September 2023. All necessary details regarding the batch were provided by Dr. Jayesh Raval and Mrs. Falguni Shukla to the potential participants. The main aim of conducting these introductory sessions was to make the participants familiar with the teaching methodology. They were given demonstration on how they will be able to develop their English language skills after joining the 'English for Home Makers' and what kind of tasks will be given in the classroom. Total 19 participants attended the first and 27 participants attended the second introductory session respectively. Out of 46 participants, 26 learners have already joined this course and doing quite well in the course. The sessions of EHM course are conducted by the Director Dr. Jayesh Raval and the Faculty Mrs. Falguni Shukla thrice a week.

A need analysis form was given to each learner in the beginning of the course to know their language requirements. As per their needs, the learning outcomes of this course were designed, and the material was developed. All participants were given a pretest before the first session of this course. The pretest aimed at assessing their previous knowledge of English language. At the end of the course, they will be given a post-test too, which will provide the data to compare with the pretest.



Communicative activities taking place in the learner centred classroom prove to be quite effective as well as interesting. Activities like listening comprehension, reading comprehension, group discussion, presentation, role plays, picture description, interviews, and dialogue practice etc. make it difficult for the learners to leave the classroom. Outstanding performances of the learners is setting a new benchmark for the home makers who want to develop their proficiency in English.

**Dr. Jayesh Raval, Mrs. Falguni Shukla**
Sheth C N Angreji Kendra

# શેઠ સી. એન. કમ્પ્યૂટર સેન્ટર ખાતે ફાઇન આર્ટસના વિદ્યાર્થીઓને તાલીમ





શેઠ સી. એન. કમ્પ્યૂટર સેન્ટર ખાતે વિદ્યાવિહારના પૂર્વ વિદ્યાર્થીઓના સહયોગથી તૈયાર કરેલ અદ્યતન લેબમાં ફાઇન આર્ટસના વિદ્યાર્થીઓ માટે તા. ૪-૧૦-૨૦૨૩ થી ૩-૧૧-૨૦૨૩ સુધી Computer Graphic Designing with Adobe Photoshopની એક મહીનાની વોકેશનલ બેચનું આયોજન કરવામાં આવ્યું. શેઠ સી. એન. ફાઇન આર્ટસના કુલ ૧૫ વિદ્યાર્થીઓએ આ બેચનો સહર્ષ લાભ લીધો. શેઠ સી. એન. કમ્પ્યૂટર સેન્ટરના નિયામક શ્રી બિમલ રાવલે આ બેચમાં વિદ્યાર્થીઓને શિક્ષણ આપ્યું. આ બેચના અભ્યાસમાં વિદ્યાર્થીઓએ ગ્રાફીક ડીઝાઇન ઇન્ડસ્ટ્રીની જરૂરીયાત મૂજબનું શિક્ષણ મેળવ્યું. કમ્પ્યૂટરમાં ફોટોશોપના ઉપયોગથી ગ્રાફીક ડીઝાઇન કેવી રીતે કરવું તે વિદ્યાર્થીઓ શીખ્યા. જેમાં કલર થીયરી, ડીઝાઇન લે-આઉટ, કંપોઝીશન, ડીઝાઇન ફોર પ્રીન્ટીંગ ટેકનોલોજી, ડીઝાઇન ફોર ઈલેક્ટ્રોનિક મિડીયા ઉપરાંત ફોટોશોપના ટૂલ્સ અને ટેકનિક્સ, ઈફેક્ટસ, ફીલ્ટર્સ, ઈમેજ એડજસ્ટમેન્ટ, માસ્કીંગ, લેયર્સ, બ્લેન્ડીંગ મોડ્સ, એડવાન્સ ટૂલ્સ, એડવાન્સ ટેકનિકસ વગેરે તેઓ શીખ્યા. વિદ્યાર્થીઓએ ખૂબ સુંદર લોગો ડીઝાઇન, પોસ્ટર ડીઝાઇન, વેબપેજ ડીઝાઇન અને બ્રોશર જેવા પ્રોજેક્ટ તૈયાર કર્યા. ઉપરાંત તેમણે તૈયાર કરેલ તમામ પ્રોજેક્ટસનું PDF પ્રેઝન્ટેશન બનાવતા તેઓ શીખ્યા. આ બેચનો લાભ લેનાર દરેક વિદ્યાર્થીને સર્ટીફીકેટ આપવામાં આવ્યું.

બિમલ રાવલ

નિયામક, શેઠ ચી. ન. કમ્પ્યૂટર સેન્ટર

## ''શિક્ષણને રસપ્રદ બનાવવાના પ્રયાસો''

બાળકો, ગુરુ, વાલીમિત્રો અને શિક્ષણનો સંબંધ યુગયુગથી ચાલતો આવ્યો છે. બાળકો માટે શિક્ષણને રસપ્રદ બનાવવાની ઘણી બધી રીતો છે. જો તેને વધુ ઈંટરેક્ટિવ અને હૅન્ડ-ઑન બનાવવામાં આવે તો શીખવામાં અને શીખવવામાં ઘણી મજા આવે છે. ઘણી જુદી-જુદી પ્રવૃત્તિઓ છે જે શિક્ષકો બાળકોને આનંદ થાય તે રીતે શીખવામાં મદદ કરે છે. બાળકો માટે શીખવું રસપ્રદ હોવું જોઈએ. કારણ કે તમે જે કરી રહ્યા છો, તેમાં રસ લેવો વધુ જરૂરી છે.



શાળાના બધાં જ બાળકો સાથે બેસી સમૂહપ્રાર્થના, સમૂહકવાયત તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ કરે અને માણે તો તેનામાં રહેલું આગવું કૌશલ્ય ખીલે છે. તેવી જ રીતે સમૂહમાં કવાયત કરવાથી તેઓ એકબીજાની નજીક આવે છે. ખેલદિલીની ભાવના કેળવાય છે. બાળકમાં સમૂહભાવના કેળવાવાની સાથે હૂંફ, લાગણી, હાર-જીત જેવી શક્તિને ઓળખવાની તક મળે છે.

ભણતરને રસપ્રદ બનાવવા માટે વિજ્ઞાનના સરળ પ્રયોગો કરાવો. જેમાં બાળક અને શિક્ષક સાથે મળી સર્જનાત્મક પ્રયોગો કરશે તો તરત તેમને યાદ રહેશે. તેમની કક્ષાને અનુરૂપ પ્રવાસો, પર્યાવરણ અથવા ગુજરાતીમાં ઘણાં બધાં ટોપિક એવા છે કે બાળક પ્રવાસ દ્વારા અથવા આજુબાજુના વાતાવરણને જોઈ રસપૂર્વક ભણી શકે છે તેમજ તે તેને કુદરતી રીતે સરળતાથી યાદ રહી જાય છે. જૂથમાં રહી પ્રોજેક્ટ બનાવવા માટે બાળકો ગ્રુપમાં રહી શિક્ષણકાર્ય કરશે તો તેમનામાં એકબીજા સાથે વાતો વહેચવા સાથે લાગણીના સબંધો કેળવાશે. બાળકમાં રહેલી શક્તિને ઓળખવાની તેમજ તેને તેમાં પ્રોત્સાહન આપવાની. દરેક બાળકનો સ્વભાવ, વિચાર, રુચિ, અલગ-અલગ હોય છે. બાળકને જેમાં વધુ રસ છે તેના અંગે શિક્ષકે પૂરેપુરું માર્ગદર્શન આપવું જોઇએ.

વર્ગખંડમાં તેની રસપ્રદ બાબતો સાંભળવી - શિક્ષક જ્યારે ભણાવે ત્યારે ઘણીવાર બાળકો વચ્ચે કંઈક જાણતા હોય તો વચ્ચે બોલે છે. તે સમયે શિક્ષકે તે બાળકની વાત ચોક્કસ સાંભળવી જોઇએ. તેને વચ્ચે બોલતો કદી અટકાવવો ન જોઈએ.

શાળા અને વર્ગખંડની દિવાલ ચિત્રમય બનાવો. બાળક હરતાં, ફરતાં, રમતાં દિવાલો પર કરેલ નકશા, પશુ-પક્ષી, ગણિતને લગતી ગેમ, કુદરતી ચિત્રો, દેવ-દેવીના ચિત્રો, વાર્તાચિત્રો વગેરે પર ધ્યાન જતાં ઘણું બધું જાતે વિચારી શકે છે. વીડિયો બતાવો - ગાંધીજીના જીવનપ્રસંગોનો પાઠ ભણાવતા પહેલાં તેમના જીવનપ્રસંગના વીડિયો દ્વારા તે આખો પ્રસંગ આપોઆપ યાદ રાખી શકે છે.

ભણતર સાથે રમતો પણ આવરી લો. બાળકને ભણાવતી વખતે પાઠ કે ગણિતને અનુરૂપ કોઇ ગેમ આવરી લો તો તે ગમ્મત સાથે જ્ઞાન ઝડપથી ગ્રહણ કરી શકશે. ભણાવતી વખતે બાળક સાથે દોસ્ત, માતા-પિતા બનો. બાળક સાથે બાળક બની જશો તો શિક્ષણ વધુ રસપ્રદ બનશે. સ્પેશિયલ કોઈ ટોપિક પર ચર્ચા ગોઠવો. વિચારોની આપ-લે કરી તેનામાં રહેલી શક્તિને બહાર લાવો.

છેલ્લે બાળકોને વધારે વિરામ આપો. વિરામ મળવાને કારણે બાળકો મુક્ત રીતે રમી શકે છે. . તેમના મનને ખુશ રાખવાનો આ મોટો અને સરળ રસ્તો છે. ઝાડ પર ચડવું, પાળી પર ચડવું, કાતરાં-કેરી પથ્થર મારી પાડવા, કૂતરા-બિલાડીના બચ્ચાંને રમાડવા. આ બધી પ્રવૃતિ તે વિરામ દરમિયાન કોઈના પણ ભય વગર કરી શકે છે. આવા રસપ્રદ પ્રયોગોથી બાળકને શાળા અને શિક્ષક સાથે આગવો લગાવ ઊભો થાય છે.

ગીતા એચ. સકડે, મ. શિક્ષિકા
શેઠ ચી.ન. બાલવિદ્યાલય

## બાલ્યાવસ્થા અને શિસ્ત

આજના આ સ્પર્ધાત્મક યુગમાં વાલીઓ માત્ર બાળકના બૌધિક વિકાસ પર જ ધ્યાન આપે છે. બાળકના ચરિત્ર ઘડતર તરફ ધ્યાન આપતા વાલીઓ ખૂબ ઓછા જોવા મળે છે. બાળકના ચરિત્ર ઘડતરમાં બાલ્યાવસ્થાનો સમયગાળો ખૂબ મહત્વપૂર્ણ ભાગ ભજવે છે. આ સમયગાળો ૭ થી ૧૪ વર્ષનો માનવામાં આવ્યો છે. આ બાળકના જીવનનો એવો સમયગાળો છે જેમાં તેની વૃદ્ધિ અને વિકાસ ખૂબજ ઝડપથી થાય છે. આ સમયગાળામાં બાળકના મનમાં જેવું બીજારોપણ કરવામાં આવે, તેવું વટવૃક્ષ ભવિષ્યમાં જોવા મળે. અર્થાત બાલ્યાવસ્થામાં સમયમાં બાળકમાં જે શિક્ષણ તેમજ સંસ્કારોનું સિંચન કરવામાં આવે તે તેના સંપૂર્ણ જીવનની ધરોહર બની રહે છે. શિસ્તનો એક અર્થ નિયમિતતા પણ થાય છે.



બાળકને આ સમયમાં જો શિસ્તના પાઠ શીખવવામાં આવે તો તે તેના સંપૂર્ણ જીવન સુધી તેની સાથે રહે છે. જેવા કે સવારે વહેલા ઉઠવું, વડીલોનો આદર કરવો, પોતાના કાર્યો માટે બીજા પર આશ્રિત ન રહેવું, પોતાના દેશ પ્રત્યે વફાદાર રહેવું અને ગર્વની લાગણી અનુભવવી, નવી વસ્તુ શીખવા માટે ઉત્સાહિત રહેવું, ગૃહકાર્ય નિયમિતપણે કરવું, સમયનું મહત્વ, રાત્રે વહેલા ઊંઘવું વગેરે બાબતોનું મહત્વ બાળકને આ ઉંમરે શીખવવું જરૂરી છે. આવી નાની બાબતો બાળકના વ્યક્તિત્વને અન્ય કરતા અલગ તારવી આપે છે તેનો વિકાસ કરે છે તેમજ તેના ગુણોને કેળવે છે. આવા બાળકો દેશના જવાબદાર નાગરિકો બને છે.

સલોની ભટ્ટ, મ. શિક્ષિકા
શેઠ ચી. ન. બાલ વિદ્યાલય, વિશિષ્ટ વર્ગ

# 'Visit to P.D.E.U. and Mundra Port'

"I hear and I forget, I see and I remember, I do and I understand" – Confucius

According to studies, students find it easier to retain more information by experiencing an activity rather than sitting through hours of lecture. Since children have an inquisitive nature, they tend to understand concepts better through hands-on experience.

Schools that include educational trips as part of the curriculum provide students the joy of discovery and opportunity to learn new things through travel. Educational tours are a great way for students and educators to absorb, interact and to grasp theory practically. They are not only a huge welcome break for both the students and teachers but also of educational significance to both of them. Educational tours have several learning benefits for students to obtain practical information from the new experiences. In light of these benefits, the students of Sheth C. N. English Medium School had had the opportunity to witness two recent educational trips:

On October 27, 2023, the students of class XI science and XII science visited Pandit Deendayal Energy University, Gandhinagar, under a program called 'Vignana Half Day Worksop'. There, the students were introduced to technologies such as 3-D printing in fibre, 3-D printing in metal, soap manufacturing and plasma generation. The students witnessed some of the most modern cutting-edge manufacturing processes along with their daily life applications. The students, most of whom were engineering aspirants, got a first-hand experience on how theoretical science which they learn in school via textbooks works in real life.


On 7th and 8th of November, 2023, students of Sheth C. N. English Medium School along with students of Sheth C. N. Vidyalaya had the opportunity to visit the facilities of Adani group of companies located in Kutch, Gujarat. 52 students from Sheth C.N. English Medium School and 41 students from Vidyalaya had participated in this educational trip.

The entire trip was planned by Project UDAAN. Under this project exposure tours are organized wherein school students are given a chance to visit the Adani Group facilities such as Adani Port, Adani Power and Adani Wilmar refinery at Mundra, Hazira, SVPI Airport Ahmedabad, Dahanu, Kawai, Tiroda, Dhamra, Gangavaram, Krishnapatnam and Katupalli to get an insight into the large-scale business operations and thus get inspired to



dream big in life. The exercise stimulates the young minds to dream big and help them become entrepreneurs, innovators, and achievers of tomorrow, and thus play an active role in the process of nation building. They had chosen the following locations for our visit: Adani Port, Adani Power and Adani Wilmar refinery.


Following is the pictorial representation of the outcomes of the entire trip:




Presentation Courtesy: Mr. Krunal Shah

**Mr. Aasim Shaikh, PGT, Physics**
Sheth C N English Medium School

# ફાઇન આર્ટ્સ કોલેજના પૂર્વ વિદ્યાર્થી અને પૂર્વ અધ્યાપક શ્રી અમૃત પટેલનો વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ





શેઠ સી.એન. ફાઇન આર્ટસ્ કોલેજમાં ગત સપ્ટેમ્બર માસમાં મૂળ દિલ્હીના અને સંસ્થાના જ પૂર્વ વિદ્યાર્થી અને અધ્યાપક અને દેશના જાણીતા કલાકાર અમૃત પટેલનો સદ્રશ્ય વાર્તાલાપ વિદ્યાર્થીઓ સાથે યોજાઈ ગયો. શ્રી અમૃત પટેલ મૂળ અહીંના જ વતની, સંસ્થામાંથી જ તેઓ એ ૧૯૬૮માં ડિપ્લોમા ઇન પેઇન્ટિંગનો અભ્યાસ પૂર્ણ કર્યો. તે ઉપરાંત રાજસ્થાન ખાતેના પ્રખ્યાત વનસ્થલી ખાતેથી મ્યુરલ ટેકનીકની તાલીમ પણ લીધી. સી.એન. ફાઇન આર્ટ્સ કોલેજમાં તેમજ વિદ્યાનગર ખાતેની કલા સંસ્થામાં થોડો સમય અધ્યાપક તરીકે પણ સેવાઓ આપી. ત્યારબાદ તેઓના મહેનત અને કૌશલ્ય વડે ભારત સરકારના ટેક્સટાઇલ વિભાગના વિવર્સ સર્વિસ સેન્ટરમાં ડિઝાઇનર તરીકે જોડાયા. અને તેઓ દિલ્હી ખાતે જ સ્થાયી થયા છે. ટેક્સટાઇલ વિભાગમાં ડિઝાઇનર ઉપરાંત એક આધુનિક ચિત્રકાર તરીકે દિલ્હીના કલા વિશ્વમાં પોતાનું સ્થાન અંકિત કર્યું. અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે યોજાતા પ્રદર્શનોમાં તેમના ચિત્રો અને ટેક્સટાઇલ વર્ક આમંત્રણ સાથે સ્થાન પામવા લાગ્યા. તેઓને રાજ્યકક્ષાના એવોર્ડ, ''ઇન્ડિયન બર્ડ ''પ્રોજેક્ટ જે સ્વીડન ખાતે ૧૯૮૭ માં યોજાયેલો તેમાં શ્રેષ્ઠ કામગીરી માટે ટેક્સટાઇલ વિભાગનો ડિઝાઇનર તરીકેનો નેશનલ એવોર્ડ પ્રાપ્ત થયો હતો. તેમણે રાષ્ટ્રીય લલિતકલા અકાદમી એવોર્ડ, કાલિદાસ સન્માન ઉપરાંત અનેક સન્માન પ્રાપ્ત કર્યા. તેઓના આધુનિક શૈલીના ચિત્રોમાં અવકાશ આયોજનના નવા પ્રયોગો જોવા મળે છે. વૈશ્વિક ધોરણે ચાલતા કલાપ્રવાહ સાથે કદમ મિલાવીને તેમણે અમૂર્ત આકાર સર્જના અજમાવી. તેમના રંગ આયોજનમાં 'હ્યુઝ' પ્રકારના રંગો પ્રશાંત ભાવોનું સર્જન કરે છે. 'વર્ચ્યુઅલ સ્પેસ' સાથેના ચિત્ર સંયોજનો તેમણે કર્યા. તેઓની આ કલાકૃતિ અમૂર્ત પ્રકારની બને છે. તેમના કારકિર્દીના શરૂઆતના વર્ષોની કૃતિઓમાં મહાભારતના વિવિધ પ્રસંગોને નવિન અંદાજમાં અલગ અર્થઘટન સાથે એ રજૂ કર્યા છે. સર્જનમાં તેમણે વાસ્તવિક દુનિયાનું ભાવાત્મક પરિવર્તન રજૂ કર્યું છે. વિદ્યાર્થીઓ સમક્ષ તેમણે પોતાની તબક્કાવાર કલાયાત્રા અને તેના વિવિધ પડાવો અંગે ચર્ચા કરી. તેઓને આ સર્જન અને જીવનમાં આવેલા સંઘર્ષ અંગે વાતો કરી. અને પ્રેરણાદાયક સૂચનો આપ્યા. તેઓના સર્જનો દેશ-વિદેશના અનેક સન્માનનિય સંગ્રહાલયોમાં સ્થાન પામે છે. અને જોનારના દિમાગ ઉપર એક ગહન ભાવ સૃષ્ટિની છાપ છોડી જાય છે.

ગાયત્રી ત્રિવેદી, વ્યાખ્યાતા,
શેઠ ચી. ન. કલામહાવિદ્યાલય

## કઇંક આપણા ભવિષ્ય માટે વિચારીએ

સફળતા જીંદગીની હસ્તરેખામાં નથી હોતી ;
ચણાયેલી ઈમારત એના નકશામાં નથી હોતી.

પ્રારબ્ધવાદીઓને પડકારતું આ મુક્તક પુરુષાર્થ જ પારસમણિ છે, એ જીવનમૂલ્યને સચોટપણે સમજાવી જાય છે.

જીંદગીના રહસ્યને હસ્તરેખામાંથી ઉકેલીને ઉન્નતિ અને સિદ્ધિને નસીબ દ્વારા ઝંખતા કવિ મહેનત કરવાનો ઉત્તમ સંદેશ આપે છે. ઉદ્યમ જ સફળતાની ચાવી છે. માત્ર પ્રારબ્ધ પર આધાર રાખીને બેસી રહેનાર એ ભૂલી જાય છે કે, નસીબમા લખાયેલી સિદ્ધિને સાકાર કરવા શ્રમ કરવો જરૂરી છે. માત્ર ઈચ્છાઓ કરવાથી નહિ ઉદ્યમ કરવાથી જ કાર્યો સિદ્ધ થાય છે.

કવિ સમજાવે છે કે જેમ કોઈ ઈમારતની ડિઝાઈન જ એના નકશામાં હોય છે. ચણાયેલી ઈમારત તો મહેનતનું શ્રેષ્ઠ ફળ છે તેમ હસ્તરેખા ગમે તેટલી બળવાન હોય પણ તેને સાકાર કરવા મહેનત કરવી જરૂરી છે માટે કહેવાયુ છે કે

''સિદ્ધિ તેને જઈ વરે જે પરસેવે ન્હાય''.
''પ્રયત્ન નો અંત એટલે પરાજયનો પ્રારંભ''
''પરસેવો પાડ્યા વગર ક્યારેય કાર્ય સિદ્ધ થતું નથી''.

સ્તુતિ અર્જુનકુમાર ભોજક,
૧૦ - અ, શેઠ ચી.ન. કન્યા છાત્રાલય

# પૂર્વ વિદ્યાર્થી ડૉ. વિરલ શાહ (૧૯૯૩ની બેચ)ની સિદ્ધિ

ડૉ. વિરલ શાહ કે જેમણે Harvard University Teaching Hospital, USA તથા Cleavland Clinic, Ohio, USA જેવી વિશ્વવિખ્યાત હોસ્પિટલમાંથી Interventional Pulmonologyની વિશિષ્ટ તાલીમ પ્રાપ્ત કરેલ છે. તેમજ Apollo Hospitalમાં શ્વાસનળીમાં સ્ટેન્ટ મુકવાના વિવિધ કેસોને સફળ રીતે પાર પાડેલા છે. જેની વિગત જોઈએ તો ---

(૧) ૨૦ વર્ષીય યુવકને અકસ્માત બાદ સંપૂર્ણ જમણું ફેફસું બંધ થઈ ગયેલ હતું. જેના પરિણામે તેનું હૃદય ડાબી બાજુથી જમણી બાજુ ખસી ગયું હતું તેમજ તેના લોહીમાં ઑક્સિજનની ઉણપ વર્તાતી હતી. જેના સંદર્ભે તેમણે ડૉ. વિરલ શાહનો સંપર્ક કરેલ હતો. તેમના દ્વારા ઓછા ઑક્સિજન તથા જમણી બાજુ ખસી ગયેલા હૃદય સાથે આ દર્દીને કોઈ પણ પ્રકારના એનેસ્થેસીયા (બેભાન કરવાની દવા) વગર જ સંપૂર્ણ રીતે સભાન અવસ્થામાં Bronchoscopyનો (ફેફસાની નળીને દૂરબીનથી જોવાની પ્રક્રિયા) પ્રારંભ કરવામાં આવેલ હતો. અમેરિકાથી પોતાની સાથે લાવેલ ઉપકરણ ‘Balloon’ દ્વારા ડૉ . વિરલ શાહ દ્વારા આ પ્રક્રિયાને વધુ આગળ વધારવામાં આવી. નોંધપાત્ર રીતે ૯૫% કરતા વધુ બંધ થયેલ શ્વાસની જમણી મુખ્યનળીને Balloon દ્વારા ખોલવામાં આવી ત્યારબાદ નળીમાં રહેલા બ્લૉકને તબક્કાવાર ખોલવામાં આવેલ હતા તથા વિદ્યુત પ્રવાહની મદદથી બ્લૉકને કાપીને દૂર કરીને શ્વાસનળીને સંપૂર્ણ રીતે ખોલી નાખવામાં આવેલ હતી. આ સફળ શસ્ત્રક્રિયા માત્ર દૂરબીનથી જ કરવામાં આવેલ હતી. જેના અંતે દર્દીનું જમણું ફેફસું પાછુ સંપૂર્ણ રીતે ખૂલી જતાં તેના લોહીમાં પ્રાણવાયુનું પ્રમાણ જળવવા માંડ્યુ. આ ઉપરાંત દર્દીનું હૃદય જમણી બાજુથી ખસીને પાછું ડાબી બાજુ પોતાની મૂળ સ્થિતિમાં પુનઃ પ્રસ્થાપિત થઈ કાર્યરત થઈ ગયેલ હતું. આ રીતે કોઈપણ પ્રકારના જનરલ એનેસ્થેસિયા (બેહોશ કરવાની દવા) વગર જ દૂરબીન દ્વારા જમણી બાજુ ખસી ગયેલ હૃદયને પોતાની મૂળસ્થિતિમાં ડાબી બાજુ ખસેડી દેવાયું હતું.

(૨) ૧૭ વર્ષીય યુવતીની જમણા ફેફસાની મુખ્ય નળી રોગગ્રસ્ત થયા બાદ સંપૂર્ણ રીતે બંધ થઈ ગયેલ હતી. નાની ઉમરમાં રોગ થતા તેનું જમણું ફેફસું બંધ થઈ ગયું હતું તથા દર્દીને શ્રમ કરી શકવામાં તેમજ વધુ ચાલી શકવામાં તકલીફ પડી શકે તેમ હતું. ત્યારબાદ તેમણે ડૉ. વિરલ શાહનો સંપર્ક કરેલ હતો. ત્યારબાદ તેમણે બ્રેન્ડોસ્કોપી દ્વારા સઘન તપાસ કરી. ઝીણવટપૂર્વક તપાસ કરતાં શ્વાસનળીની જમણી બાજુની મુખ્યનળી ૯૦% બંધ જોવા મળેલ હતી. ત્યારબાદ વિશેષ ઉપકરણ દૂરબીનની મદદથી જમણી ફેફસાની નળીમાં વિવિધ જગ્યાએ કાપા મુકીને ઉપરનું જમણું ફેફસું પ્રથમ ખોલવામાં આવ્યું તથા તેમાં રહેલ પરૂને દૂર કરી બીજા તબક્કામાં ઑપરેશન હાથ ધરીને વિદ્યુતપ્રવાહની મદદથી વધુ Incision (કાપા) મૂકીને તેની જમણા ફેફસાની બાકીની નળીને ખોલવામાં આવી તેમજ તેની Balloon દ્વારા Bronchoplasty કરીને જમણું ફેફસું ફરીથી કાર્યરત કરવામાં આવેલ હતું.

(૩) સામાન્ય રીતે શ્વસન પ્રક્રિયામાં જમણું ફેફસું વધુ પ્રાણવાયુ પ્રદાન કરતું હોય છે. આવા જ એક કેસની વાત કરીએ તો એક દર્દીની જમણા ફેફસામાં નીચેના ફેફસામાં પ્રાણવાયુ લઈ જતી શ્વાસની નળી બંધ થઈ ગયેલ હતી જેથી તેનું ૩૬% ફેફસું કાર્યરત ન હતું નિરીક્ષણ દરમ્યાન ફેફસાની નળી ૯૦% કરતાં વધુ બંધ હતી જેને ફરી Balloon Bronchoplasty તથા Endoscopic Resection દ્વારા ખોલવામાં આવેલ હતી તથા તેને ફરી થી કાર્યરત કરીને લોહીમાં પ્રાણવાયુ પૂરતા પ્રમાણમાં મળવા લાગેલ હતો. આમ માત્ર ૬ મહિનાના ટૂંક સમયગાળામાં જ ‘‘૩’’ Bronchoplasty કરીને શ્વાસના દર્દીઓને થતી પ્રાણવાયુની ઉણપમાથી મુક્તિ આપવામાં આવી તેમજ જમણી બાજુ ખસી ગયેલ હૃદયને દર્દીને કોઈપણ પ્રકારે બેભાન કર્યા વગર પાછુ ડાબી બાજુ પ્રસ્થાપિત કરવામાં આવેલ છે.

હેતલ મહેતા, ARO, શેઠ ચી. ન. વિદ્યાવિહાર
સંદર્ભઃ ડૉ. વિરલ શાહની નોંધ

# કિશોર વિદ્યાલયના વિદ્યાર્થીઓનું જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ પ્રદર્શન



તા. ૧૫/૦૯/૨૦૨૩ના રોજ Cluster Resource Centre (CRC) કક્ષાના ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં શેઠ સી. એન. કિશોર વિદ્યાલયના વિદ્યાર્થીઓએ પાંચ વિભાગમાં નિયમ મુજબ પોતાની એક-એક કૃતિ પ્રદર્શિત કરી. જેમાંથી ત્રણ વિભાગમાં પ્રથમ સ્થાન અને એક વિભાગમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. તા. ૦૪/૧૦/૨૦૨૩ એ Block Resource Centre (BRC) કક્ષાના ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં ત્રણ વિભાગમાં કૃતિઓ આગળ વધેલ હતી. તેમાંથી બે વિભાગમાં પ્રથમ અને એક વિભાગમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરેલ હતું. તા. ૦૬/૧૨/૨૦૨૩થી ૦૮/૧૨/૨૦૨૩ દરમ્યાન પ્રાથમિક, માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગનું અમદાવાદ જીલ્લા કક્ષાનું ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શન યોજવામાં આવેલ હતું. તેમાં બે વિભાગમાં પ્રથમ આવેલ આપણી શાળાની કૃતિઓ રજુ થઇ હતી. અમદાવાદ જીલ્લાની સરકારી અને ખાનગી શાળાઓની ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની કુલ ૧૦૫ કૃતિઓ રજુ થઇ હતી તેમાંથી શેઠ સી. એન. કિશોર વિદ્યાલયની કૃતિએ પ્રથમ વિભાગમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરેલ છે.

વિભાગ-૧ :- સ્વાસ્થ્ય, કૃતિનું નામ :- નિંદણમાંથી કાગળ
વિદ્યાર્થીનું નામ :- શાહ પાર્શ્વ અને પરીખ જીનેન

પાંચેય વિભાગમાં માર્ગદર્શન આપનાર શિક્ષકો :-
શ્રી જાસ્મીન વકીલ, શ્રી દીપીશ ડગલી,
શ્રી પુજા મહેતા, શ્રી કાજલ રાયચુરા

# એનર્જીનો સદ્ઉપયોગ



એનર્જીના દુરૂપયોગથી વાતાવરણ ઉપર કેવી ગંભીર અસરો થઇ રહેલ છે, તથા હવામાનમાં કેવા-કેવા ગંભીર ફેરફાર થઇ રહ્યા છે. તેના અનુસંધાને I.I.T BOMBAY ના વિધાર્થી પ્રોફેસર અને મધ્યપ્રદેશ સરકાર સોલાર એનર્જી પ્રોજેક્ટના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે કાર્યરત શ્રી ચેતનસિંગ સોલંકીનો વાર્તાલાપ આપણી શાળાના ગુજરાતી માધ્યમના ધોરણ ૯ થી ૧૨ ના વિધાર્થીઓ માટે ૨૧/૦૯/૨૦૨૩ યોજાઈ ગયો. તેના કેટલાક અંશો અહી રજુ કરેલ છે.

જળવાયુ પરિવર્તન (claimale change)ના કારણે ઋતુઓનો સમયગાળો બદલાઈ ગયો, ગરમીનું પ્રમાણ વધ્યું , વરસાદનું પ્રમાણ પણ વધી ગયું. દેશમાં ઘણી જગ્યાએ પુરની સ્થિતિ જોવા મળેલ છે. સાઉદી-અરબ જેવા રણપ્રદેશમાં પણ વરસાદનું પ્રમાણ વધેલ છે. સમુદ્રમાં પણ પાણીનું સ્તર વધતું જાય છે. જેના કારણે અમુક વિસ્તારમાંથી રહેણાંક ખસેડવા પડેલ છે. બીમારીઓનું પ્રમાણ પણ વધેલ છે. છેલ્લા થોડા વર્ષોમાં દેશ-દુનિયામાં વિવિધ આફતો આવેલ અને માનવીય જીવનને અસ્ત વ્યસ્ત કરેલ છે.

મોટેભાગે આધુનિક સગવડો અને લક્ઝુરીયસ જીવન ધોરણ માટે એનર્જીનો મહત્તમ ઉપયોગ થાય છે. કાચુંતેલ, પેટ્રોલ, ડીઝલ, ઈલેક્ટ્રી સીટી, ગેસનો મહતમ ઉપયોગ થવા લાગ્યો છે. લગભગ ૮૫% એનર્જી ઉપરોક્ત કુદરતી વસ્તુઓથી વપરાય છે. જયારે માત્ર ૧૫% એનર્જી સોલાર અને બાયોગેસ જેવી ઉત્પાદિત કરેલ વપરાશ છે. કુદરતી એનર્જીની વસ્તુઓ બહારથી લાવવી પડે છે, અને માટે ડોલરમાં ખર્ચ કરવો પડે છે. જેની અસર દેશની કરન્સી પર પડે છે. જે દેશમાં વિદેશી મુદ્રા ઓછી થશે તેની આર્થીક હાલત કફોડી થશે તેના ઉદાહરણ તરીકે પાકિસ્તાન અને શ્રીલંકાને જોઈ શકાય છે. તમામ ક્ષેત્રે એનર્જીના ઉપયોગથી વાતાવરણમાં $CO_2$ (કાર્બન-ડાય-ઓક્સાઈડ)નું પ્રમાણ વધે છે. તેનાથી ગરમીનું પ્રમાણ પણ વધે છે. હાલ ધરતીનું સરેરાશ તાપમાન થોડા વર્ષોમાં ૧.૨% જેટલું વધેલ છે. અને નજીકના લગભગ પાંચ વર્ષોમાં તેમાં ૧.૫ ડીગ્રી જેટલો વધારો થશે તેવો અંદાજ છે. આ વધારો એક અપરિવર્તનીય પ્રોસેસ છે. માનવજીવનના અસ્તિત્વ માટે ખતરા સમાન છે.

માણસને તાવ આવે તો શરીરનું તાપમાન વધે છે. જે ઘટાડવા માટે મેડીસીન લેવી પડે. તેમ ધરતીનું તાપમાન વધતું અટકાવવા માટે $CO_2$ નું પ્રમાણ ઘટાડવું પડે, જેના માટે આપણી જરૂરિયાત ઘટાડવી પડે એનર્જીના ઉપયોગ ઘટાડવા પડે, ગેસ જેવી વસ્તુઓનો ઉપયોગ ઘટાડવો પડે. બિનજરૂરી વસ્તુનો ઉપયોગ ટાળવો સંગ્રહ ન કરવો, પાણીનો વ્યય ન કરવો, ખોરાક, પંખા, એ.સી., ગેસ, ફેક્ટરીઓમાં બનતી વસ્તુઓ કે જેમાં ખુબ જ એનર્જી/પાવર વપરાય છે. તે ઘટાડવું જોઈએ. પ્રોડકશનને બદલે માસ (સંખ્યા) પ્રમાણે પ્રોડકશન પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

જો વ્યક્તિ (હું- જાતે) AMG એટલે કે AVOID, MINIMAIGE, GENRELને નહિ સમજે કે નહિ અપનાવે તો OMG એટલે કે OH MY GOD બોલવાનો વારો આવશે. નાના- નાના પ્રયત્નોથી ચાલે તેમ નથી. મોટા પરિવર્તનોની સાથે આપણી જીવનશૈલી (LIFE STYLE) પણ બદલવી પડશે અન્યથા તડપી-તડપીને મરવાનો વારો આવશે. આવો..... આપણે સૌ ઉપરોક્ત બાબતને ગંભીરતાથી સમજી એનર્જીની બચત સાથે માનવજીવનના કલ્યાણમાં આપણો ફાળો આપીએ.

હિતન્દ્ર જે. ત્રિવેદી
નિયામક, શેઠ ચી. ન. ગુજરાતી માધ્યમ શાળા

# એક સુંદર વાર્તા ઉબુન્ટુ(UBUNTU)

જાણો છો ઉબુન્ટુ ઓપરેટિંગ સિસ્ટમ(UBUNTU operating system)નું નામ શેના ઉપરથી રાખવામાં આવ્યું છે. આ અંગેની એક અદ્દભૂત વાત હમણાં વાંચી.

એક મનોવૈજ્ઞાનિક આફ્રિકા ગયા હતા. આફ્રિકન છોકરાઓની મનોવૃતિ જાણવા તેમણે આફ્રિકન આદિવાસી છોકરાઓને એક રમત રમાડવાનું નક્કી કર્યું. તેમણે આફ્રિકામાં એક જગ્યાએ જઈને સરખી ઉંમરના નાના છોકરાઓને ભેગા કર્યા. ત્યારબાદ તેમની મનોવૃત્તિ એકબીજા પ્રત્યેનો ભાવ-લાગણી-માન વગેરે જાણવા માટે રમતની શરૂઆત કરી. તેમણે એક ટોપલીમાં મીઠાઈ અને ચોકલેટો મૂકી. તેનાથી ૧૦૦ મીટર દૂર બધા છોકરાઓને ઊભા રાખ્યા. છોકરાઓને રમત સમજાવતા કહ્યું, ''જેવો ઈશારો થાય કે તરત જ બધાએ દોડવાનું શરૂ કરવાનું અને ટોપલી પાસે પહોંચવાનું છે. જે છોકરો દોડીને સૌથી પહેલા ટોપલી પાસે પહોંચશે તેને બધી જ મીઠાઇ અને ચોકલેટ મળશે.''

જેવું મનોવૈજ્ઞાનિક રેડી,સ્ટેડી,ગો કહ્યું... તો તે નાના છોકરાઓએ માન્યામાં ન આવે એવું કર્યું:

બધાએ એકબીજાના હાથ પકડયા અને એક સાથે ટોપલી તરફ દોડયા. ટોપલી પાસે પહોંચીને બધાએ બધી જ મીઠાઈ અને ચોકલેટ સરખા ભાગે વહેંચી લીધી અને આનંદથી ખાવા લાગ્યા. મનોવૈજ્ઞાનિક અને તેની સાથે આવેલા લોકોને આ અનપેક્ષિત ક્રિયાથી ખૂબ નવાઈ લાગી. જ્યારે મનોવૈજ્ઞાનિકે પૂછ્યું કે બધા છોકરાઓએ આમ કેમ કર્યું, ત્યારે તેમણે એક સાથે જવાબ આપ્યો, ઉબુન્ટુ-(UBUNTU) નો અર્થ છે. કોઈ એક વ્યક્તિ કેવી રીતે ખુશ રહી શકે, જ્યારે બાકીના બધા દુઃખી હોય ? ઉબુન્ટુનો તેમની ભાષામાં અર્થ છે. ''હું છું, કારણ કે અમે છીએ.''

બધા માટે એક સુંદર સંદેશ છે. ચાલો હવે જ્યાં પણ જઈએ સાથે સાથે ખુશી લઈ જઈએ. ચાલો ઉબુન્ટુવાળી જિંદગી જીવીએ.
''હું છું, કારણકે અમે છીએ.'' ''I am, because we are.''

ધવલ પાઠક
આચાર્ય, શેઠ ચી.ન. વિદ્યાલય

## ''Heartfulness કાર્યક્રમ'' નો મારો અનુભવ

હું શેઠ સી.એન.શિશુવિહારમાં છેલ્લા પંદર વર્ષથી મદદનીશ શિક્ષિકા તરીકે ફરજ બજાવું છું. આ વર્ષે અમારી સંસ્થાએ શિક્ષણના ભાગરૂપે એક ટ્રેનીંગ ગોઠવી હતી. હાર્ટફુલનેસ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા અમને ''મેડિટેશન'' આપણાં જીવનમાં કેટલું મહત્વનું છે તેની સમજ આપી. મેડિટેશનની સાથે સાથે Relaxation, Group Activity, બાળકોમાં અંદર રહેલી ક્ષમતા કેવી રીતે ઓળખવી, મનની સફાઈ કેમ કરવી જેવું ઘણું બધુ શીખવવામાં આવ્યું. જેમાંથી મને સૌથી ફાયદાકારક ''મનની સફાઈ'' લાગી.

મનની સફાઈ સાંભળવામાં ખૂબ અજુગતું લાગે છે નહીં! આપણને થાય આ તે વળી શું? આપણે સૌ શરીરની બાહ્ય સફાઈ તો કરીએ જ છીએ પણ આ મનની સફાઈ શું છે? તો ચાલો હું તમને કહું. દિવસ દરમ્યાન આપણી સાથે એવા કેટલાય અનુભવ થાય છે કે, ક્યારેક આપણને કોઈના પ્રત્યે ધૃણા, દ્વેષ કે કડવાશનો ભાવ મનમાં આવી જાય છે, તેના સતત વિચારો કરવાથી કડવાશ વધતી જાય છે અને એક નેગેટિવિટી ઉત્પન્ન થાય છે જેની અસર આપણાં કામ, આપણાં ઘર,બાળકો અને આપણાં સ્વાસ્થ્ય ઉપર થાય છે જે ખૂબ હાનિકારક છે. તો આ કડવાશને દૂર કરવા જ મનની સફાઈ જરૂરી છે. આ પ્રક્રિયા આપણી આંતરિક સફાઈ કરશે અને આપણા તંત્રને તથા ત્યાં જમા થયેલ ભારેપણાને શુદ્ધ કરશે અને તમે હળવાશ અનુભવશો. તેના માટે આપણે બધાએ ફક્ત ૧૦ થી ૨૦ મિનિટ રાત્રે સૂતા પહેલા શાંત મને આંખો બંધ કરી બેસવાનું છે અને દિવસ દરમ્યાન ભેગી થયેલ નેગેટિવ છાપોને દૂર કરવાના હેતુ સાથે કલ્પના કરવાની છે કે, શરીરમાંથી બધી જટિલતા, કડવાશ અને અશુદ્ધિઓ દૂર થઈ રહી છે આવું વારંવાર શુદ્ધ મનથી વિચારશો તો તમને હળવાશનો અનુભવ થશે અને મન પણ શાંત થશે. આ મેં કર્યું છે અને અનુભવ્યું પણ છે. સાથે રોજના મેડિટેશનથી મને ઘણો ફાયદો થયો છે અને ખૂબ Positivity મારા જીવનમાં આવી છે. બીજાની વાતને અને ખાસ કરીને મારા વર્ગના બાળકોને વધારે સારી રીતે સમજી શકું છું. મારા વર્ગમાં બે-ત્રણ બાળક એવા છે જેમને હેન્ડલ કરવા થોડા મુશ્કેલ છે પણ તેમને હું રોજ શરૂઆતમાં ૧ થી ૨ મિનિટ અને હવે ૩ થી ૫ મિનિટ સુધી ધ્યાન કરાવું છું તેનાથી તેમનામાં થોડી સ્થિરતા અને એકાગ્રતા કેળવાઈ છે, જે તેમને વર્ગની પ્રવૃત્તિ કરવામાં ખૂબ ઉપયોગી થઈ છે અને ખાસ કરીને વાલીને તેનો ખૂબ સંતોષ થયો છે, તેમને બાળકમાં ઘણો ફર્ક પડતો જોવા મળ્યો છે અને ઘરે પણ બાળક પ્રવૃત્તિ કરતું થયું છે જે મને તેમણે પ્રગતિ અહેવાલ દ્વારા અને રૂબરૂ મુલાકાત દરમ્યાન જણાવ્યું. આ રીતે મેડિટેશનથી ચોક્કસ ફાયદો થાય છે જે અહીં મે જોયું.

મારૂં માનવું છે કે, આજની આ સ્ટ્રેસવાળી લાઈફમાં મેડિટેશન ખૂબ જરૂરી છે ખાસ કરીને આજની યુવા પેઢીને ભણવા સાથે આની ટ્રેનીંગ ખૂબ જરૂરી છે. જેનાથી હાઈપરટેન્શન,ઉગ્ર સ્વભાવ,ચીડિયાપણું જે વધતું ગયું છે તે ધીમે ધીમે ઓછું થશે અને સ્યૂસાઇડ,ડિપ્રેશનના કેસો પણ ઘટશે. મારા મતે એક વિષય તરીકે શાળામાં તેની શરૂઆત કરવી જોઈએ. આ કાર્યક્રમનો મને લાભ મળવા બદલ સંસ્થા તેમજ હાર્ટફૂલનેસ કાર્યક્રમની સમગ્ર ટીમની હું આભારી છું.

શ્વેતા એચ.ગાંધી, મદદનીશ શિક્ષિકા
શેઠ ચી. ન. શિશુવિહાર

## જીવનમાં પુસ્તકનું મહત્વ

સારા પુસ્તકોનું વાંચન આપણાં જીવનને ઉત્તમ બનાવે છે. પુસ્તકોની મૈત્રી માનવીના જીવન ઘડતરમાં મહત્વનો ભાગ ભજવે છે. અભ્યાસક્રમ માટે આપણે જે પુસ્તકો વાંચીએ છીએ તેનાથી આપણને મર્યાદિત જ્ઞાન મળે છે પણ અન્ય પુસ્તકો વાંચવાથી વિશિષ્ટ જ્ઞાનની સાથે જીવન જીવવાની પ્રેરણા મળે છે. મને પુસ્તકો વાંચવાની સાચી પ્રેરણા આ શાળામાં જોડાયા પછી મળી છે.

અમારા આચાર્યા શ્રી જાગૃતિ વ્યાસે શિશુવિહારની લાઈબ્રેરીમાં અનેક પુસ્તકો વસાવ્યા છે. તેમાંના તોતોચાન, દીવાસ્વપ્ન, આ તે શી માથાફોડ, મા-બાપ થવું અઘરૂ છે તે વાંચવાનો અમારા સૌ શિક્ષકો માટે આગ્રહ રાખ્યો. ત્યાર પછી સત્યના પ્રયોગો, ગિજુભાઈ બધેકાની બાળકેળવણી, જેવાં અનેક પુસ્તકોનું વાંચન કર્યું અને સાથે બાળવાર્તાઓ તો ખરી જ. આપણું વાંચન એ જ આપણાં જીવનનું પ્રતિબિંબ છે. સંગ તેવો રંગ એ કહેવત માણસની બાબતમાં સાચી હોય છે. મિત્રોની જેમ પુસ્તકો પણ માનવીના જીવનઘડતર પર નિર્ણાયક પ્રભાવ પાડે છે. પુસ્તક મનુષ્યને સુખ-દુખમાં સાથ અને સાંત્વના આપે છે.

કેટલાંકના જીવનમાં પુસ્તકો મહાન પરિવર્તન લાવે છે. રસ્કીનના પુસ્તક ''અન ટુ ધ લાસ્ટ'' માંથી ગાંધીજીને સત્યાગ્રહની પ્રેરણા મળી હતી. ઉતમ પુસ્તકોની મૈત્રી સાધનાર મનુષ્ય ગમે તેવી અવસ્થામાં પણ મુંઝવણ અનુભવતો નથી પુસ્તકો વિપત્તિમાં ધીરજ અને શાંતિ આપે છે. શ્રેષ્ઠ પુસ્તકો વહેમ, અંધશ્રધ્ધા અને અજ્ઞાનતાને દૂર કરે છે. પુસ્તકો હંમેશા સાથ નિભાવે છે .

પુસ્તકો અરીસા સમાન છે. તે સત્યવક્તા અને સ્પષ્ટવક્તા છે. પુસ્તકો આપણાં વ્યક્તિત્વનો પરિચય કરાવે છે. ગાંધીજી કહેતા, જ્યારે જ્યારે મને મુંઝવણ થાય ત્યારે હું ગીતામાંથી માર્ગદર્શન મેળવું છું. આપણાં ધાર્મિક ગ્રંથો, પુરાણો, વેદો, જેવા પુસ્તકોમાંથી જગતના અનેક લોકોને જીવન જીવવાની પ્રેરણા મળી છે. પુસ્તકો ચિત્તનો સર્વોતમ ખોરાક છે. એક વિચારકનું કથન છે કે માનવજાતિએ જે પણ કઈ વિચાર્યું ,કર્યું કે પામ્યું છે એ પુસ્તકોમાં સચવાયેલું છે. પુસ્તકોનું મૂલ્ય અને મહત્વ અનન્ય છે. પુસ્તકો આપણાં અંતઃકરણને ઉજાળે છે. પુસ્તકો આપણાં ચિત્ત પર સ્થાયી પ્રભાવ પાડે છે અને તે પ્રેરણાદાયક હોય છે. મનુષ્યની માનસિક તાણને મહદ્અંશે ઓછી કરે છે. પુસ્તકો મનને એકાગ્ર અને સંયમિત બનાવવા માટેનું સરળ સાધન છે; જે યોગ સાધનાઓ દ્વારા પણ પ્રાપ્ત કરી શકાતી નથી. પુસ્તકો મનુષ્યને સાચું સુખ અને શાંતિ પ્રદાન કરે છે. તે જીવનમાં એકલતાનો અનુભવ કરાવતાં નથી.

મહાત્મા ગાંધીએ કહ્યું છે કે '' સારા પુસ્તકો આપણી પાસે હોય તો તે પરોપકારી મિત્રની ગરજ સારે છે''.

પુસ્તકો જીવનની કાયાપલટ કરવામાં સમર્થ છે. પુસ્તકો શાશ્વત ખજાનો છે. ટૂંકમાં પુસ્તકોનું મહત્વ અતુલ્ય છે. એટલે જ તો પુસ્તકો આપણાં જીવનમાં ઉપયોગી છે.

''પુસ્તકો માતૃભાષાને જીવંત રાખે છે.''
''પુસ્તકનું જ્ઞાન જિંદગીમાં ઉતારો,''
જીવવાની આશ જન્માવે છે પુસ્તકો.

સંગીતા મોરે, મદદનીશ શિક્ષિકા
શેઠ ચી. ન. શિશુવિહાર

## દીકરી ઈશ્વરનો ચમત્કાર

નાની એવી ઘરદીવડી, ઝગમગ ઝગમગ થાય.
આંગણામાં એક દીકરી, પુષ્પ બની મહેકાય.

વ્હાલનો એ છે દરિયો, અષાઢની હેલી છે.
પિતાની એ લાડકી, માતાની સહેલી છે.

પગમાં પહેરે ઝાંઝર, એનો મીઠો સો ઝણકાર !
હાથનાં કંકણમાં ગુંજે, આખી સૃષ્ટિનો રણકાર.

પુષ્પ તણી એ પાંદડી, હેમ તણો એ હાર.
ભાઈની એ છે બહેનડી, સૌના હૈયાનો ધબકાર.

હરપળ રોશન રહે એ ઘર, જ્યાં છે એક દીકરી.
હંમેશા સુખ વરસે એ ઘર, જ્યાં સ્મિત વિખેરે દીકરી.

પાપા પગલીની ભાત ચિતરતી, આંગણાની ચિત્રકાર દીકરી.
વસંતની કુણી લાગણી નિતરતી, ઈશ્વરનો ચમત્કાર દીકરી.

જોઈ મનોહર રૂપ એનું, મનમાં પ્રેમ ઉભરાઈ આવે.
દીકરી તું તો ગાગરમાં, પ્રેમનો સાગર લાવે.

જીવનમાં પ્રેમની અમૂલ્ય સરવાણી વહાવ તું સદા.
માગું હું ઈશ્વર પાસે, નિભાવ સંસ્કારિતા તું સદા.

ઓઝા અભિનવ મોહિત, ધોરણ- ૮ ક, શેઠ ચી. ન. કિશોર વિદ્યાલય

## તારી સુગંધ અનોખી પ્રકૃતિ

સૌને ગમતી સાથે રમતી,
તારી સુગંધ અનોખી પ્રકૃતિ,
તારી સુગંધ અનોખી.

તારી સુંદરતામાં મદ થઈને, નાચે પંખી પ્રાણી.
તારા વૃક્ષો લીલાછમ, મેઘમાં નાચે છમછમ.

તારા કાળા _ ભૂરા વાદળ, લાવે મીઠી સરગમ.
તારી જ રાત તારાજ, થતાં સજીવો એમાં લીન.

તારી સુંદરતાના દ્વાર ખખડાવે, સૌના ઘર-મંદિર.
તારી સુંદરતામાં મદ થઈને, નાચે મોર છનનનન......

કાળા વાદળમાં છુપાતો, સૂરજ પીળા વાનનો.
ઝરમર મેઘ વરસે ત્યારે, સૌના મનમાં કાનુડો.

સૂરજને ચંદા મળી રમતાં સંતાકૂકડી.
ચાંદા સાથે ખીલી ઊઠતી તારાઓની ટુકડી.

તારી સુંદરતામાં મદ થઈને, નાચે વીજળી સાથે સમીર.
સૌને ગમતી સાથે રમતી, તારી સુગંધ અનોખી પ્રકૃતિ.
તારી સુગંધ અનોખી પ્રકૃતિ.

તારા વૃક્ષો લીલાછમ મેઘમાં નાચે છમ-છમ.
તારા કાળા - ભૂરા વાદળ લાવે મીઠી સરગમ.

તારી જ રાત તારા જ દિન થતા સજીવો એમાં લીન,
તારી સુંદરતાના દ્વાર ખખડાવે સૌના ઘર-મંદિર..

વોરા કાવ્યા હિતાંશુ, ધોરણ- ૮ ક, શેઠ ચી.ન. કિશોર વિદ્યાલય

## વૃક્ષ ભાઈ ! વૃક્ષ ભાઈ !

વૃક્ષ ભાઈ ! વૃક્ષ ભાઈ !
તમે તો મારા મિત્ર.
તોફાન આવે કે વરસાદ આવે,
તમે અડગ ઊભા રહો.
ના લાગે તમને ઠંડી,
ના લાગે તમને ગરમી,
વરસાદ લાવવામાં તમે અવ્વલનંબર.
વૃક્ષ ભાઈ ! વૃક્ષ ભાઈ !
તમે તો મારા મિત્ર.
તમે તો પંખીઓનો આશરો,
તમે તો વટેમાર્ગુઓનો પણ આશરો
હસી _ હસીને બધુ સહન કરો
ફળ આપીને સફળ થાઓ,
હરિયાળી બધે ફેલાવો તમે.
વૃક્ષ ભાઈ ! વૃક્ષ ભાઈ !
તમે તો મારા મિત્ર.
લાકડા, ફળ, ફૂલ આપી,
ઉપકાર બધાં પર તમે કરો.
જેટલો આભાર માનીએ,
એટલો તમારો ઓછો.
વૃક્ષ ભાઈ ! વૃક્ષ ભાઈ !
તમે તો મારા મિત્ર.

પટેલ સાનવી વિપુલકુમાર, ધોરણ-૮ ડ, શેઠ ચી.ન. કિશોર વિદ્યાલય

## બાલ વિદ્યાલયના વિદ્યાર્થીઓનો બાળગીત ઉત્સવ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક



તાજેતરમાં મુંબઈ ગુજરાતી સંગઠન દ્વારા વિશ્વ ગુજરાતી દિવસ અંતર્ગત ''બાળગીત ઉત્સવ'' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમૂહ બાળગીત સ્પર્ધામાં શેઠ સી. એન. બાલ વિદ્યાલયના વિદ્યાર્થીઓએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરીને સંસ્થાનુ ગૌરવ વધાર્યું છે. ઉલ્લેખનીય છે કે કુલ ૩૫૦ કરતા પણ વધારે કૃતિઓ સ્પર્ધામાં હતી. શાળાના આચાર્યાશ્રી હેતલ ભટ્ટે સૌ વિધાર્થીઓ અને બાલ વિદ્યાલયના સંગીત શિક્ષક શ્રી ઋજુલભાઈ શાહને અભિનંદન પાઠવ્યાં હતા.

## ‘રાષ્ટ્રીય પોસ્ટર સ્પર્ધા-૨૦૨૩’માં ધો.૫ના વિદ્યાર્થી દિવ્ય કે. શાહને દ્વિતીય પુરસ્કાર



વોટર મેનેજમેન્ટ ફોરમ (WMF, ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ એન્જિનિયર્સની પેરિફેરલ સંસ્થા)ની રચના ભારતમાં જળ સંસાધન વ્યવસ્થાપનની ઇજનેરી અને પદ્ધતિઓને પ્રોત્સાહન આપવા અને આગળ વધારવા માટે કરવામાં આવી છે. આ ફોરમનું મુખ્ય મથક અમદાવાદમાં છે. ફોરમ વર્કશોપ, સેમિનાર, સિમ્પોઝિયા, ગ્રુપ મીટિંગ્સ વગેરે દ્વારા વિદ્યાર્થીઓ, ખેડૂતો અને એન્જિનિયરોમાં જાગૃતિ ફેલાવે છે. ફોરમે ભારતના તમામ વિદ્યાર્થીઓ અને માતા-પિતાને અમૂલ્ય જળ સંસાધનોના સંરક્ષણની જરૂરિયાત વિશે જાગૃત કરવા માટે જાગૃતિ સ્પર્ધા કાર્યક્રમના ભાગરૂપે ‘રાષ્ટ્રીય પોસ્ટર સ્પર્ધા’ શરૂ કરી છે. ૨૦૦૩ થી ભારતભરમાંથી દર વર્ષે ૪૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ આ સ્પર્ધામાં ભાગ લે છે.

વોટર મેનેજમેન્ટ ફોરમ દ્વારા આયોજિત ‘‘IT's ALL ABOUT WATER’’ વિષય પર યોજાયેલ ‘રાષ્ટ્રીય પોસ્ટર સ્પર્ધા-૨૦૨૩’ (જુનિયર કેટેગરી-ધોરણ ૫ થી ૭)માં દિવ્ય કે. શાહે (ધોરણ ૫-અ; શેઠ સી. એન. બાલ વિદ્યાલય, અમદાવાદ) દ્વિતીય પુરસ્કાર જીતીને ગૌરવપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. તેઓને પ્રમાણપત્ર, ટ્રોફી અને ૫,૦૦૦ રૂપિયા રોકડ પુરસ્કાર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

## બાલ વિદ્યાલયમાં નવરાત્રી મહોત્સવની ઉજવણી



શેઠ ચી.ન. બાલ વિદ્યાલયમાં નવરાત્રી મહોત્સવ અંતર્ગત સતત ૮ દિવસ સુધી ધો ૧ થી ૫ ના બાળકો દ્વારા કુલ ૨૮ કાર્યક્રમોની રજૂઆત કરવામાં આવી હતી. ધો. ૩ અ ના બાળકો અને શિક્ષકશ્રી સાગરભાઈ દ્વારા ‘‘માં ચામુંડા અને મેલડી દ્વારા મહિષાસુર વધ’’નું નાટક રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં માતાજીનું પ્રાગટ્ય, પ્રાચીન પરચાઓ-કથાઓ મહિષાસુરના પરાક્રમો અને લોકોના ભક્તિભાવ જેવી દરેક બાબતોને વણીને ૩૫ મિનિટના નાટકની અદ્દભુત રજૂઆત થઈ હતી. આ કાર્યક્રમમાં શાળાના આચાર્યાશ્રી, શિક્ષકગણ, વિદ્યાર્થીઓ, ડી.એલ.એડ્ (પી.ટી.સી.) વિભાગના આચાર્યશ્રી, અધ્યાપકો, તાલીમાર્થીઓ અને મોટી સંખ્યામાં વાલીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## બાલ વિદ્યાલયમાં વિશ્વ દ્રષ્ટિ દિવસ અને સફેદ લાકડી દિવસની ઉજવણી

બાલ વિદ્યાલયમાં વિશ્વ દ્રષ્ટિ દિવસ અને સફેદ લાકડી દિવસની સંયુક્ત ઉજવણીના ભાગરૂપે શેઠ ચી. ન. બાલ વિદ્યાલયનાં પ્રાંગણમાં ૧૪મી ઓક્ટોબરને શનિવારે, અંધજન મંડળ, અમદાવાદના સહકારથી એક વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

અંધજન મંડળ તરફથી આવેલા શ્રી રણછોડભાઇ સોની, ભરતભાઇ જોષી, દિનેશભાઇ બહલ, લલિતભાઈ મહેતા અને કુંજલબહેન તોરગરનું સ્વાગત, શાળાનાં બાળકોએ જ બનાવેલાં ગ્લાસ પેઇન્ટિંગ અને ઝૂમ્મર દ્વારા કરવામાં આવ્યું હતું.



બાળકોને દ્રષ્ટિનું મહત્વ અને અંધ વ્યક્તિઓની અન્ય ઇન્દ્રિયો વડે કાર્ય કરવાની ક્ષમતા સમજાવવા માટે ખાસ આ કાર્યક્રમ યોજાયો. નવ જેટલાં પ્રજ્ઞાચક્ષુ બાળકોએ ભજન, બ્રેઇલલિપિમાં વાંચન તથા લેખન, સ્માર્ટફોનના ઉપયોગ દ્વારા કમ્પ્યૂટર અને મોબાઈલનો ઉપયોગ, ચલણી નોટોની ઓળખ, સફેદ લાકડીનો ઉપયોગ કેવી રીતે થાય? અને લાકડીની સમજ વગેરે જેવાં કૌશલ્યોનો પ્રાયોગિક પરિચય આપ્યો હતો. તેઓ ન જાણતાં હોય તેવાં વાક્યો બ્રેઇલલિપિમાં તેમને આપણાં શિક્ષકો દ્વારા કહેવામાં આવ્યાં અને લેખન કરાવ્યું , અન્ય બાળક પાસે બ્રેઈલમાં જ વંચાવીને તેમની આ આવડતની બાળકો સમક્ષ પુષ્ટિ કરવામાં આવી. આ ઉપરાંત, અંધજન મંડળના પરિસરમાં પ્રજ્ઞાચક્ષુ બાળકો વડે કરાતી અન્ય પ્રવૃત્તિઓનો પણ બાળકોને ખ્યાલ આપવામાં આવ્યો.



વિદ્યાવિહારની ડી.એલ.એડ્ (પી.ટી.સી.) કોલેજના આચાર્યશ્રી ભગવાનભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્દબોધન અને આભારવિધિ કર્યાં હતાં. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવા બદલ બાલ વિદ્યાલયનાં શિક્ષિકા શ્રીમતી નેહા પંડ્યા અને આચાર્યાશ્રી હેતલ ભટ્ટને અંધજન મંડળ તરફથી ખાસ અભિનંદન પાઠવવામાં આવ્યાં હતાં.

# શિશુવિહારની પ્રવૃત્તિઓ



જુ.કે.જી. અને સી.કે.જી.ના બાળકો માટે શિક્ષણના ભાગરૂપે ''રસાલા પાર્ક'' તેમજ વિદ્યાવિહારના ''અરણ્ય''માં પિકનિક ગોઠવી જેમાં બાળકોએ ખૂબ મજા કરી.



દિવાળી નિમિત્તે બાળકોને શાળાના રસોડે જ બનાવેલ મીઠાઇ અને નમકીનનો નાસ્તો કરાવ્યો અને દિવાળીની વાર્તા અને ગીતો ગાઈ પર્વની ઉજવણી કરી.



નવરાત્રી પર્વ નિમિત્તે શિશુવિહારમાં બાળકો, તેમની માતાઓ અને શિક્ષકોએ સાથે મળી ગરબાની મોજ માણી.

# અધ્યાપન પદ્ધતિ

વર્ગ વ્યવહારને અસરકારક બનાવવા માટે કેટલીક પાયાની બાબતોની સમજ કેળવવી જરૂરી બને છે. વર્ગખંડ અધ્યાપન આયોજનમાં હેતુઓના નિર્ધારણ બાદ શિક્ષક તરીકે હેતુઓની સફળ સિદ્ધિ માટે જે અગત્યની બાબતોનો વિચાર કરવાનો હોય તે છે વિષયવસ્તુને અનુરૂપ યોગ્ય અધ્યાપન પદ્ધતિઓ (Methods), અધ્યાપન પ્રવિધિઓ (Techniques), અધ્યાપન પ્રયુક્તિઓ (Strategies) તેમજ અધ્યાપન પ્રવૃત્તિઓ (Activities)નો ઉપયોગ. શિક્ષણમાં આ તમામ બાબતોનો વિશિષ્ટ અર્થ છે અને તેની યોગ્ય સમજ વિકસાવવી ખૂબ જરૂરી છે.

શિક્ષણની સમગ્ર પ્રક્રિયામાં પાયાના ત્રણ પ્રશ્નો છે. (૧) શા માટે શીખવવું? (૨) શું શીખવવું ? (૩) કેવી રીતે શીખવવું? આ પૈકી કેવી રીતે શીખવવું? એ ખૂબજ મહત્વનું છે. આથી અધ્યાપન પદ્ધતિઓ, પ્રવિધિઓ, પ્રયુક્તિઓ વગેરે બાબતોને સ્પષ્ટ સમજવી જરૂરી બને છે.

શિક્ષક વર્ગખંડમાં જઈ જ્ઞાનનું પોટલું ખોલીદે તેનાથી અધ્યાપન થતું નથી કારણ કે શિક્ષણ એ હેતુલક્ષી પ્રક્રિયા છે. શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં વર્તન પરિવર્તન લાવવાનું હોય છે. આ માટે ચોક્કસ અધ્યાપન પદ્ધતિ નક્કી કરવી પડે છે આવી ચોક્કસ સ્વરૂપ ધરાવતી અને અધ્યયન અનુભવો પૂરા પાડવાની જે કર્મયોજના વિચારાય છે તેને અધ્યાપન પદ્ધિત કહેવામાં આવે છે. અધ્યાપન માટે જુદી જુદી પદ્ધતિઓ વપરાય છે જેવી કે પ્રવચન પદ્ધતિ, પ્રશ્નોત્તર પદ્ધતિ, પૃથક્કરણ પદ્ધતિ, પેનલચર્ચા પદ્ધતિ, આગમન પદ્ધતિ, નિગમન પદ્ધતિ, સંયોગીકરણ પદ્ધતિ, તુલના પદ્ધતિ, જૂથચર્ચા પદ્ધતિ, નિદર્શન પદ્ધતિ, નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિ, પ્રોજેક્ટ પદ્ધતિ, સમસ્યા ઉકેલ પદ્ધતિ, વગેરે અધ્યાપન પદ્ધતિના ઉદાહરણો છે. વિષયવસ્તુની ક્રમિક રજૂઆત માટેની સમગ્રતયા યોજના એટલે અધ્યાપન પદ્ધતિ. અધ્યાપન પદ્ધતિ અભિગમ પર આધારિત હોય છે. અધ્યાપન પદ્ધતિ કાર્યયોજના છે. પદ્ધતિઓ પ્રક્રિયાને લગતી બાબત છે. અધ્યાપન પદ્ધતિએ વર્ગખંડ શિક્ષણ પૂર્વે વિચારવામાં આવતી બાબત છે. આજે આપણે ગણિત શિક્ષણમાં વપરાતી મહત્વની પદ્ધતિ આગમન પદ્ધતિ વિશે માહિતી મેળવીએ.

આગમન પદ્ધતિ - આ પદ્ધતિમાં વિવિધ ઉદાહરણો પરથી સામાન્ય નિયમોની તારવણી કરવાની હોય છે. તેમાં 'વિશેષ પરથી સામાન્ય' અથવા 'મૂર્ત પરથી અમૂર્ત' તરફ જવાનું હોય છે. જેમાંથી સામાન્ય નિયમ સૂત્ર કે સિદ્ધાંત તારવવામાં આવે છે. ટૂંકમાં, જે પદ્ધતિમાં વિશિષ્ટ ઉદાહરણો પરથી નિયમ તારવવામાં આવે અથવા મૂર્ત ઉદાહરણો પરથી અમૂર્ત નિયમ સાબિત કરવામાં આવે તેને આગમન પદ્ધતિ કહે છે. તેના સોપાનો નીચે મુજબ છે.

૧. માહિતી, ઉદાહરણ કે પ્રશ્નોની રજૂઆત
૨. માહિતીનું વિદ્યાર્થી દ્વારા અવલોકન
૩.માહિતીમાંથી સામાન્ય ઘટકો અલગ તારવવા
૪. અલગ તારવેલા ઘટકોના આધારથી સામન્યીકરણ કરવું
૫. સામાન્યીકરણ દ્વારા સામાન્ય નિયમ તારવવો
૬. તારવેલા નિયમની પુન ચકાસણી કરવી

ગણિત શિક્ષણ માટે આગમન પદ્ધતિથી શિક્ષણ કાર્ય કરવામાં આવે તો શિક્ષણકાર્ય અસરકારક બને છે.

ડૉ. મિતેષ જે. પટેલ
અધ્યાપક, શેઠ ચી. ન. ડી.એલ.એડ્. કોલેજ

## શેઠ ચી. ન. ફાઈન આર્ટ્સ કોલેજને ટ્રોફી




શેઠ ચી. ન. ફાઈન આર્ટ્સ કોલેજની વિદ્યાર્થીની પૂજા મકવાણાએ અજમેરમાં આવેલ મેઓ કોલેજ ખાતે કેમલીન દ્વારા આયોજિત પેઇન્ટિંગ વર્કશોપમાં ભાગ લીધેલ અને કોલેજને ટ્રોફી અપાવેલ છે.

## ગણેશચતુર્થીની ઉજવણીઃ તાલીમી કોલેજ છાત્રાલય



## ડી.એ.એડ. કોલેજમાં ગાંધી સપ્તાહ ઉજવણીઃ નિયામકશ્રીનું ઉદ્‌બોધન



## જીલ્લા કક્ષાએ વિજ્ઞાનમેળામાં વિદ્યાલયના વિદ્યાર્થીઓ ઝળક્યા




જીલ્લા કક્ષાના વિજ્ઞાન મેળામાં ધો. ૧૧-અ ના શાહ વેદાંત અને શાહ આશ્રય (ચોથા વિભાગમાં sliping Alert System) પ્રથમ નંબરે આવી શાળા અને પરિવારનું ગૌરવ વધારેલ છે. બંને વિદ્યાર્થીઓને શાળા પરિવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન, ઝોન કક્ષા માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

## વૃક્ષ ઉછેર સેમિનાર



## વિદ્યાવિહારમાં ગાંધી જયંતિની ઉજવણી



## ભારતીય ડાક સ્પર્ધા વિભાગ દ્વારા આયોજીત ચિત્ર સ્પર્ધામાં કિશોર વિદ્યાલયના વિદ્યાર્થીઓનું શ્રેષ્ઠ પ્રદર્શન








તા. ૦૨/૧૦/૨૦૨૩ ને સોમવારે કિશોર વિદ્યાલયમાં ગાંધી જયંતી નિમિતે નેશનલ લેવલની ભારતીય ડાક વિભાગ તરફથી ટપાલ-પેટી પેઈન્ટીગ ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં જિલ્લાની કુલ ૩૦ જેટલી શાળાઓએ ભાગ લીધો હતો. જેમાં કિશોર વિદ્યાલયમાંથી કુલ ધોરણ-૬, ૭ અને ૮ ના ૩૦ બાળકોએ ભાગ લીધો હતો. તેમાંથી આપણા ત્રણ બાળકોને જિલ્લા કક્ષામાં પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે.

૧. પારેખ મનિષા ભદ્રેશભાઈ
૨. રાજપૂત હેત્વી જતીનકુમાર
૩. પારેખ નિયતિ ભદ્રેશભાઈ

## ૬૩મા રાજ્ય કલા પ્રદર્શનમાં કિશોર વિદ્યાલયના વિદ્યાર્થીઓનું સુંદર પ્રદર્શન






દર વર્ષની જેમ આ વર્ષે પણ ૬૩મું રાજ્ય કલા પ્રદર્શન યોજાયું. આ પ્રદર્શનમાં રાજ્યની તમામ શાળાઓ ભાગ લે છે. આ પ્રદર્શનમાં કિશોર વિદ્યાલયના ૧૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો તેમાંથી આપણા ૪ વિદ્યાર્થીઓને રાજ્ય કલા પ્રદર્શન તરફથી એવોર્ડ એનાયત થયો છે તથા રૂપિયા ૧૫૦૦/- રોકડ ઈનામ મળેલ છે.

૧. વાછાણી આસ્થા કપિલ ધોરણ ૭-ક
૨. શાહ ઈશા પ્રતિકકુમાર ધોરણ ૭-બ
૩. બક્ષી વરદા પ્રશાંત ધોરણ ૮-બ
૪. વાસુદેવ ઈશીકા કલ્પેશભાઈ ૮-બ

## ગુજરાત રાજ્ય કલા શિક્ષક-સંઘ નીમા તત્કાલ ચિત્ર સ્પર્ધામાં કિશોર વિદ્યાલયના વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ

૧૫ મી ઓગસ્ટ ૨૦૨૩ ને આ સ્પર્ધાનું આયોજન થયું હતું આ સ્પર્ધામાં જિલ્લાની ૬૦ જેટલી શાળાઓમાંથી ૧૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કિશોર વિદ્યાલયમાંથી ૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો તેમાં આપણા કુલ ૪ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ પ્રાપ્ત થયેલ છે.

૧. શાહ આદી ચિરાગકુમાર ધોરણ ૬-ડ
૨. રાઠોડ અશનુર અલીઅકબર ધોરણ ૭-અ
૩. ઓઝા વેદાંશી મનોજકુમાર ધોરણ ૭-ક
૪. શુકલ માહી પીનાકકુમાર ૭-ડ

# સ્નેહરશ્મિ પ્રાર્થના મંદિરમાં ૧૯૭૧ની બેચનું સ્નેહમિલન

શેઠ ચી. ન. વિદ્યાવિહારના સ્નેહરશ્મિ પ્રાર્થના મંદિરમાં ૧૯૭૧ની બેચનું સ્નેહમિલન તા.૧૮.૧.૨૦૨૩ના રોજ યોજાઇ ગયું. પૂર્વ વિદ્યાર્થી શ્રી રૂપાંગભાઈ શાહની આગેવાનીમાં લગભગ ૮૦ જેટલાં મિત્રો આ સ્નેહમિલનમાં જોડાયા હતાં રાષ્ટ્રગીત, વિદ્યાવિહારના પ્રાર્થના ગીતો અને ભજનોનો આનંદ સહુએ માણ્યો હતો. ત્યારબાદ દિવંગત સહઅધ્યાયીઓ તેમજ ગુરૂજનોને ૨ મિનિટનું મૌન પાળી શ્રધ્ધાંજલી આપવામાં આવી. ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે અનેક સન્માન મેળવનાર કવિ, પૂર્વ વિદ્યાર્થી શ્રી રાજેશ વ્યાસ ‘‘મિસ્કીન’ તેમજ શ્રી સમ્રાટ અશોક દવે (સ્પિક વિથ ડિફરન્સ નામની સંસ્થાનાં સ્થાપક) આ પ્રસંગે મુખ્ય અતિથી હતા. આમ કવિતા અને હાસ્યની જુગલબંધીએ સ્નેહમિલનની સુહાની સાંજને યાદગાર બનાવી દીધી. શાળા જીવનની યાદો અને સંસ્મરણોને તાજાં રાખવાં દરેકને યાદગીરી માટે એક ઉપહાર અને એક સોવેનિયર આપવામાં આવ્યું હતું. આમ ખુબજ આનંદ ઉલ્લાસ અને સુનહરી યાદો સાથે ફરીથી મળવાનાં મનસૂબા સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું.

હેતલ મહેતા
ARO, શેઠ ચી.ન.વિદ્યાવિહાર












## CNSA Artistic Gymnast Avantika Negi's Podium finish at National School Games & CBSE Championships

At the 67th National School Games 2022-23 held in New Delhi at the Indira Gandhi Stadium from 16th to 22nd December 2023, Avantika Negi bagged all round Silver Medal in the Under-14 category Avantika also won a gold medal for her performance on Uneven Bars and a silver medal for her act on Balancing Beam. Diya Thakore won a bronze medal for floor exercise sequence in the Under-17 category.

Earlier Avantika also clinched overall 2nd spot at the CBSE National Championships held in November 2023 at Chitrakoot International School in Ahmednagar, Maharashtra. She also won a silver medal for her individual performance on Uneven Bar.

## Sports Authority of Gujarat Rewards CNSA Gymnasts-Khel Pratibha Puraskar

Nishi Bhavsar who busted all competition by winning a Gold medal at Khelo India last year along with a podium finish at Junior Nationals was awarded an amount of Rs. 2.25 lakhs by the Sports Authority of Gujarat.

Similarly Diya Thakore was awarded Rs. 3.5 lakhs for winning three Silver Medals for Gujarat at Khelo India and two Gold Medals at Junior National Championships. The prize money was received directly in the gymnasts' bank accounts in November 2023.

## CNSA's Para Athletes win big at the FIRST Khelo India Para Games



Rakesh Bhatt won two Gold medals in 100 meter sprint and Long Jump respectively in the T-37 category at the first Khelo India Games held from at 10th to 17th December at Haryana. At the same event CNSA's Chetna Galachar won a Gold Medal in Women's Javelin Throw and Pradeep Chauhan won a silver medal in Long Jump.

## CNSA Athletes Participate at Para Asian Championships


Para-athletes Rakesh Bhatt and Khodaji Thakore represented India at the 4th Asian Para Games held in Hangzhou, China from 22nd to 28th October 2023. Rakesh Bhatt secured fourth spot in Men's Long Jump in T-38 category, Khodaji Thakore came at fifth place in Men's 100 metre sprint.

## CNSA's Artistic Gymnasts sweep the State Championship



In the Junior Women's Artistic Gymnastics (WAG) category, CNSA gymnasts picked up 11 of the 12 medals to be given and secured the top three spots in overall performances. Nishi Bhavsar was crowned State Champion whereas Swara Rathod and Yahvi Sharma won second and third positions respectively in Gujarat State. In the Sub-Junior WAG category, CNSA gymnasts Avantika Negi came first and Navya Shah finished at second position. They both won the gold and silver medals for their individual performances as well. The State Championships were held at Pandit Deendayal Auditorium at Surat from 28-30 November 2023.

## CNSA Athletes at W-Zone Nationals



Dhimahi Trivedi won two Gold Medals in 60 meter sprint and Triathlon whereas Rushiraj Vaghela won a Bronze medal in High Jump at West Zone Nationals held at Jodhpur, Rajasthan from 17th to 19th October 2023.

**Trupti Rawal**

Director, Sheth C. N. Sports Academy

# શેઠ ચી. ન. વિદ્યાવિહારમાં તમામ સંસ્થાઓના સ્પોર્ટસ્ ડેની ઊજવણી









શેઠ ચી. ન. વિદ્યાવિહારમાં તા. ૨૨-૨૩ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ રમતોત્સવ ઉજવાયો જેમાં પરિસરની બધીજ શાળાઓ અને તાલીમી સંસ્થાઓના લગભગ ૩૦૦૦થી વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો. પરેડ બાદ વિદ્યાર્થીઓ દ્વારા નિદર્શન થયું જેમાં યોગ, કસરતના દાવ, પી.ટી. ટેબલ અને પિરામિડ ફોરમેશન અને કરાટેની પ્રસ્તુતિ થઈ. આ દિવસે મુખ્ય મહેમાન તરીકે ૨ યુવા ખેલ પ્રતિભાઓએ હાજરી આપી હતી. શ્રી રાકેશ ભટ્ટ જે CNSAના પેરા તાલિમાર્થી છે અને જે એશિયામાં લાંબી કૂદમાં ચોથા નંબરનું રેંકિંગ ધરાવે છે. આ ઉપરેંત શ્રી અનિક્ત પટેલ જે ટેનિસ અને સોફ્ટ ટેનિસના આંતર-રાષ્ટ્રીય ખેલાડી છે હાજર રહ્યા હતાં. બન્ને મહેમાનાએ ખેલ જગતના પોતાના અનુભવોની વાત કરીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યાં હતાં.

તૃપ્તિ રાવલ, નિયામક, શેઠ ચી. ન. સ્પોર્ટસ્ અકેડેમી











